# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૫ : અંક–૧૭૬ વર્ષ - ૧૬ : મે–૨૦૧૨

## અષાઢ વદ ૮, ગુરુવાર તા. ૨૭-૦૭-૧૯૭૮. બહેનશ્રીનાં વચનામૃત–૧૩૫-૧૩૬ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન–૪૯

**એક એક દોષને ગોતી ગોતીને ટાળવા નથી પડતા. અંદર નજર ઠેરવે તો ગુણરત્નાકર પ્રગટે અને બધા દોષનો ભૂકો બોલી જાય. આત્મા તો અનાદિ-અનંત ગુણોનો પિંજ છે. ૧૩૫.**



૧૩૫, '**એક એક દોષને ગોતી ગોતીને ટાળવા નથી પડતા.**' શું કહે છે ? કે આ રાગ છે ને આ શુભ છે ને આ અશુભ છે ને એવા એક એક દોષને ગોતીને ટાળવા પડતા નથી. કારણ કે દોષ ઉપર દૃષ્ટિ રહે અને આ દોષને ટાળું (એમ કરવા જાય તો) એ રીતે દોષ ટળી શકે નહિ. આહા..હા..! એક એક દોષને ગોતી ગોતીને, શોધીને ટાળવા નથી પડતા. '**અંદર નજર ઠેરવે...**' આહા..હા..! અંદર પૂર્ણસ્વરૂપ ભગવાનઆત્મા એમાં નજર ઠેરવે '**તો ગુણરત્નાકર પ્રગટે.**' '**અંદર નજર ઠેરવે તો ગુણરત્નાકર પ્રગટે...**' ગુણરત્નાકર–ગુણનો, રત્નનો દરિયો. આહા..હા..! એના શું વખાણ (થાય) ! બાપુ ! ઇ કાંઈ વચનમાં આવી શકે એવી ચીજ નથી. અનુભવગમ્ય છે. આહા..હા..! અરૂપી ઇન્દ્રિયથી ગ્રાહ્ય નહિ, વિકલ્પથી ગ્રાહ્ય નહિ, આહા..હા..! અને પર્યાયબુદ્ધિમાં રહીને પણ ગ્રાહ્ય નહિ. આહા..હા..! એવો જે ભગવાનઆત્મા ચૈતન્ય રત્નાકર પ્રગટે.

'**અને બધા દોષનો ભૂકો બોલી જાય.**' છે ને ? '**બધા દોષનો ભૂકો બોલી જાય.**' ભૂકો વળી જાય. આહા..હા..! પ્રાયશ્ચિત માટે એમ કે આ વિકલ્પ આ નો આ એમ કરવું પડતું નથી. એ અંતરમાં આનંદ સ્વરૂપમાં વિશેષ ઉગ્રપણે જાય ત્યારે ચૈતન્ય રત્નાકર પ્રગટે, ત્યારે દોષ બધા ટળી જાય. એનું નામ પ્રાયશ્ચિત છે. આહા..હા..! આવી વાતું ભારે. ભાઈ ! માર્ગ વીતરાગ જૈન પરમેશ્વર ત્રિલોકી નાથનું કથન તો આ છે. દિવ્યધ્વનિ, ભગવાનની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. સમજાણું

કાંઈ ? આહા..હા..! અરે..! પામર પ્રાણીને આ વાત એવી લાગે (કે) આ તો બધી કોઈ અગમ્યગમ્યની નિશ્ચયની વાતું કરે છે. આહા..હા..! છે તો એવું.

મુમુક્ષુ :– ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– અગમ્ય છે એ વિકલ્પથી અગમ્ય છે પણ જ્ઞાનથી ગમ્ય છે. એનું જ્ઞાન કરતાં તે ગમ્ય છે. પણ કોઈ પણ વિકલ્પ દયા, દાન ને વ્રત, ભક્તિ ને પૂજા ને એવા વિકલ્પથી પ્રાપ્ત થાય એવી એ ચીજ છે નહિ. આહા..હા..! અત્યારે તો ઇ જે કરે ત્યાં થઈ ગયો ધર્મી, થઈ રહ્યું લ્યો. ગીરનારની જાત્રા એક-બે કરે, સમ્મેદશીખરની કરે. આહા..હા..!

મુમુક્ષુ :– શેત્રુંજયની કરે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– શેત્રુંજય કરે. કીધું ને 'પાલીતાણા'. ગીરનાર. 'એકવાર વંદે જો કોઈ' આવે છે ને ? 'એકવાર વંદે જો કોઈ' પછી 'નરક પશુ નહિ હોય' પણ નરક પશુ નહિ ને ? સમ્મેદશીખર (જઈને) ભગવાનના દર્શન બહુ સારા કરે, ઘણી વાર કરતો હોય તો શુભભાવ હોય તો નરક પશુમાં ન જાય પણ એથી ભવનો અભાવ ક્યાં થયો ? પછી જશે. આહા..હા..! ભગવાનઆત્મા અનંત ગુણનો રાશિ સમ્મેદશીખર પોતે છે. એના ઉપર આરુઢ થતાં ભવનો અભાવ થાય એવી એ જાત્રા છે. આહા..હા..!

**'ભૂકો બોલી જાય.'** એમ છે ને ? ભૂકો બોલી જાય, ગુજરાતી ભાષા છે ને ? **'ગુણરત્નાકર પ્રગટે અને બધા દોષનો ભૂકો બોલી જાય.'** એટલે શું ? ભૂકો થઈ જાય, એમ. નાશ થઈ જાય, ભૂકો શું ? આહા..હા..! ભાષા તો કાઠીયાવાડમાં બોલે છે. ભૂકો બોલી જાય. ગુજરાતી સાદી ભાષા છે. **'આત્મા તો અનાદિ-અનંત ગુણોનો પિંડ છે.'** આહા..હા..! ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ ! સત્, ચિદ ને આનંદ જેમાં ભર્યા છે. શાશ્વત એવો પ્રભુ અંદર,.. આહા..હા..! અનાદિ અનંત ગુણોનો પિંડ છે. આહા..હા..! એમાં રાગની ગંધ નથી. દયા, દાન ને વ્રત ને ભક્તિનો વિકલ્પ છે એની ગંધ જેમાં નથી. એ બધા રાગ છે, વિકાર છે. આહા..હા..! આકરું પડે. ધંધા છોડીને માંડ બિચારા જાત્રાએ નીકળ્યા હોય, એમાં પાંચ પચાસ હજાર કે પાંચ, પચીસ, સો બસ્સો પાંચસો રૂપિયા ખર્ચે ત્યાં આપણે કે... આહા..હા..! ધૂળમાંય નથી ત્યાં કાંઈ, સાંભળને ! આહા..હા..! જ્યાં આગળ વિકલ્પનો, રાગનો પણ અવકાશ નથી અને અંદર પ્રભુમાં જેના ગુણનો જ અવકાશ છે,... આહા..હા..! એની મીઠાશ આગળ રાગની મીઠાશ જેને છૂટી જાય છે, આહા..! આવું સ્વરૂપ છે. **'આત્મા તો અનાદિ-અનંત ગુણોનો પિંડ છે.'** આહા..હા..! હવે પહેલેથી લેશે.

**સમકિત પહેલાં પણ વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે, 'આ આત્મા' એમ પાકો નિર્ણય થાય છે. ભલે હજુ અનુભૂતિ ન થઈ હોય તોપણ પહેલાં વિકલ્પ સહિતનો નિર્ણય હોય છે ખરો. ૧૩૬.**

૧૩૬. **'સમકિત પહેલાં પણ વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે,...'** સમ્યગ્દર્શન થવું એ તો આત્માનો અનુભવ થવો. આત્મા આનંદ સ્વરૂપ છે, પૂર્ણ શુદ્ધ છે એવું દૃષ્ટિમાં આવીને નિર્વિકલ્પ દૃષ્ટિ થતાં આનંદનું વેદન થાય એ સમકિત છે. પણ સમકિત પહેલાં પણ વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે. આ વસ્તુ આવી છે, (એમ) વિકલ્પથી પણ એનો નિર્ણય થઈ શકે છે ને ! આવ્યું છે ને ? ૧૪૩માં આવ્યું છે, ૭૩ ગાથામાં આવ્યું છે કે હું આવો છું, આવો છું (એમ) વિકલ્પથી પહેલો નિર્ણય કરે. જો કે એ યથાર્થ નિર્ણય નથી પણ એ પહેલો આવ્યા વિના રહેતો નથી. સર્વજ્ઞ ભગવાને, પરમેશ્વરે જે આત્મા કહ્યો, એ સિવાય જગતના બીજા પ્રાણીએ આત્મા કહ્યો, એનાથી જેવો ભગવાને કહ્યો એવો નિર્ણય કરવા માટે પહેલો વિકલ્પ આવે.

આહા..હા..! કે આ પરિપૂર્ણ છે, અનંત આનંદનો સાગર છે. ક્ષેત્ર મારું શરીર પ્રમાણે જ છે. સર્વ વ્યાપક એટલે આમ બધામાં વ્યાપક થઈ જાય એવું ક્ષેત્ર નથી. એવો નય, નિક્ષેપ અને પ્રમાણથી પહેલો નિર્ણય કરે. ૧૩ મી ગાથામાં આવે છે. આહા..હા..! નિશ્ચયનયથી, વ્યવહારનયથી શું છે એમ નિર્ણય કરે. નિશ્ચયથી અભેદ છે, વ્યવહારથી ભેદ ને રાગાદિ પર્યાયભેદ છે એવો નિર્ણય કરે પણ એ છે હજી વિકલ્પ, પણ એ વસ્તુના અનુભવ સમ્યગ્દર્શન થયા પહેલાં આવો વિકલ્પનો નિર્ણય આવે. **'વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે.'** આહા..હા..!

**''આ આત્મા' એમ પાકો નિર્ણય થાય છે.'** અંદર **'આ આત્મા'** જાણક જાણક જેની સત્તા છે. જેની સત્તામાં જણાય છે એ જાણનારો તે આત્મા છે. બીજી ચીજ જણાય છે એ કાંઈ આત્મા નથી. જેની સત્તામાં, હોવામાં આ જણાય છે કે આ શરીર છે, આ છે, આ છે, આ છે, એવી સત્તા જે જ્ઞાન સત્તા ભગવાનઆત્મા એનો નિર્ણય વિકલ્પ દ્વારા પહેલો થઈ શકે છે. આહા..હા..! એ પાકો નિર્ણય થાય છે. આહા..હા..!

('સમયસાર') ૧૪૩ (ગાથામાં) એમ કહ્યું છે ને ? પહેલા આગમથી નિર્ણય કરે પછી મતિ અને શ્રુતના વિકલ્પોને છોડીને અનુભવ કરે. આવે છે. ૭૩ (ગાથામાં) પણ આવ્યું છે. 'સમયસાર'. મારો આત્મા અખંડ, પૂર્ણ, શુદ્ધ, ચૈતન્ય છે. એની પર્યાયમાં જે કંઈ ષટ્કારક રૂપે પરિણમન છે એથી પણ મારી ચીજ અંદર ભિન્ન છે. જેમાં પર્યાય– અવસ્થાનો પણ અભાવ છે. એવો અનુભૂતિસ્વરૂપ ભગવાન ત્રિકાળ, ત્રિકાળ અનુભૂતિ, હોં ! પર્યાયની અનુભૂતી નહિ, એવો હું છું, એવો પહેલો વિકલ્પથી રાગ મિશ્રિત મનના સંબંધથી આવો નિર્ણય કરે. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'ભલે હજુ અનુભૂતિ ન થઈ હોય...'** અંતર અનુભવ, આનંદના અનુભવનો સ્વાદ આવે એ ન થયું હોય. સમકિત થતા તો અનુભૂતિ થાય. હજી સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન, હોં ! પાંચમું શ્રાવકનું ને છઠ્ઠું મુનિનું એ તો ક્યાંય રહી ગયું, બાપા ! કોને કહેવું એ ? આહા..હા..! સમકિત પહેલાં પણ આવો નિર્ણય થાય. **'ભલે હજુ અનુભૂતિ ન થઈ હોય તોપણ પહેલાં વિકલ્પ સહિતનો નિર્ણય હોય છે ખરો.'**

મુમુક્ષુ :– કિમતી નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કિમતી નથી પણ આવ્યા વિના રહેતો નથી, કહે છે. આંગણે આવવા માટે આવા વિકલ્પ હોય છે. અંદર પેસવા માટે પછી વિકલ્પ છોડવાનો. આ ઝવેરાતની દુકાન છે, હજી આંગણે ઊભો ઊભો પણ આ પૈસા અહીં છે, એવો નિર્ણય આંગણે ઊભો હોય તો અંદર પેઠા વિના કરે, પછી છોડીને અંદરમાં જાય. આહા..હા..! એ ખરો નિર્ણય નથી તોપણ એવું પહેલું આવે. વીતરાગે આત્મા કહ્યો અને અજ્ઞાનીઓ આત્મા કહે છે, એમાં ફેર (છે) માટે નિર્ણય કરવો પડે. ભગવાને સર્વજ્ઞ કેવળીએ કહેલો આત્મા. અજ્ઞાનીઓ પોતાની કલ્પનાથી જે આત્મા આત્માની વાતું કરે એ નહિ. એવો નિર્ણય કરવા માટે વિકલ્પ સહિતનો નિર્ણય હોય છે. પછી વિકલ્પને છોડીને અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. વિશેષ કહેશે...

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (મે–૨૦૧૨નું) શુલ્ક શ્રી માતુશ્રી વેલબાઈ વિશનજી સાવલા. હસ્તે સુપુત્ર શ્રી ઝવેરીભાઈ વિશનજી સાવલા, દાદર, મુંબઈ (મો.૦૯૩૨૨૨૯૦૬૮૦) નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

# પૂજ્ય ભાઈશ્રીના શ્રીમુખેથી વહેલા પૂજ્ય સોગાનીજી પ્રત્યેના હૃદયોદ્‌ગાર

અંદરની સ્થિતિ બહુ મજબૂત હતી અને વળી પુરુષાર્થથી અંદરની સ્થિતિ મજબૂત કરે છે. એકાવતારી છે. અહીંયાં દેવલોકમાં ગયા છે, મનુષ્ય થશે, ચરમશરીરી મનુષ્ય થશે. છેલ્લો ભવ, ચારિત્રમાં આવીને અલ્પકાળમાં પરિપૂર્ણ દશાને પ્રાપ્ત કરશે. એવી સ્થિતિ છે.

(પરમાગમસાર-૨૬૫, S.R. ૧૨૨, ૪૦.૦૦ મિનિટે), તા. ૦૬-૦૬-૧૯૮૩

❁

સોગાનીજીના પત્રમાં ગુરુદેવના સત્સંગ માટે એમને ઘણી જ તીવ્ર ભાવના વર્તતી હતી કે કોઈ વખત તો એ સત્સંગના અભાવમાં આંસુ આવી જાય. એવી પરિસ્થિતિમાં જ્ઞાનદશામાં હતા. એક બાજુ અંદરની તીવ્ર પરિણતિ, બીજી બાજુ આવો સત્સંગનો અભાવ, ત્રીજી બાજુ પ્રવૃત્તિમાં ઉદયની ઉદાસીનતા. આમ ત્રણ પડખાં છે.

(શ્રીમદ્ રાજચંદ્ર-૩૯૪, S.R. ૧૧૮, ૨૫.૦૦ મિનિટે), તા. ૨૭-૧૨-૧૯૮૯

❁

એ તો એટલી બધી પાત્રતાવાળા હતા. (ગુરુદેવને) ઓળખી લીધા અને ચોવીસ કલાક પહેલા તો પોતે અનુભવમાં આવી ગયા ! એટલી બધી એ તો અસાધારણ તીવ્ર ભાવના લઈને આવ્યા હતા. જેમ કોઈ કઢેલા દૂધમાં મેળવણ પડે અને ઢીમ થઈ જાય, દહીં જામી જાય, એવું એમનું હતું. જ્ઞાન અને રાગ જુદાં છે, જ્યાં સાંભળ્યું ત્યાં જુદાં થઈ ગયા. એમની વાત તો અસાધારણ વાત છે !!

(શ્રીમદ્ રાજચંદ્ર-૪૬૦, S.R. ૧૭૦, ૨૫.૦૦ મિનિટે), તા. ૦૨-૦૬-૧૯૯૦

❁

કેટલી આશ્રયભક્તિ બતાવી છે ! એકદમ દૃષ્ટિની ઉગ્રતા હોવા છતાં ભક્તિના પરિણામ પણ એવા થયા છે કે સોનગઢની ધૂળ માટે પણ તડપું છું. જ્યાં ગુરુદેવ બિરાજે છે એ ભૂમિનો એમણે એટલો મહિમા કર્યો છે !! એટલી ભક્તિ કરી છે !

(શ્રીમદ્ રાજચંદ્ર-૫૧૧, S.R. ૨૧૪, ૦૭.૦૦ મિનિટે), તા. ૧૯-૦૯-૧૯૯૦

❁

યોગ્યતા તો ઘણી હતી. છતાં સત્સંગનું કેટલું જબ્બર આકર્ષણ છે ! એ એમના પત્રમાં જે ભક્તિ નીકળે છે એ ઘણી અસાધારણ નીકળે છે ! એમ (લખે છે કે,) 'સોનગઢ'થી છૂટ્યા પછી ત્યાંની ધૂળ માટે તડપવું પડે એ પરિસ્થિતિ અહીંયાં આવીને પ્રત્યક્ષ અનુભવાય છે. અનુભવ લખે છે, કેટલી ભક્તિ હશે ! ભજન ગાય ઇ ભક્તિ નથી, આ ભક્તિ સાચી છે. પદ ગાય એ ભક્તિ નથી. આશ્રમમાં જઈને નિવૃત્તિ કરીને રહે અને ત્યાં પદ ગાય એ ભક્તિ નથી, આ ભક્તિ સાચી છે. (અધ્યાત્મસુધા-૩, પાનું-૫૨૯)

❁

# દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ ગ્રંથમાંથી ચુંટેલા વચનામૃતો

**દૃષ્ટિનું પરિણમન અને દૃષ્ટિનો વિષય :-**

અરે ભાઈ ! તું તારા અસંખ્ય પ્રદેશમાં આખે-આખો ચૈતન્યમૂર્તિ છો, તેમાં બેસી રહે ને ! ઉઠીને ક્યાં જાય છે ! (૧૧૫)

☸

શુભરાગને કર્તવ્ય માનવાની તો વાત જ શું ? મારું તો કોઈ કર્તવ્ય જ નથી, એમ પહેલાં પાકું થવું જોઈએ. (ધ્રુવમાં કર્તવ્ય કેમ હોઈ શકે ? હું તો ધ્રુવતત્ત્વ છું.) (૧૫૯)

☸

અહીં (સ્વદ્રવ્યમાં) દૃષ્ટિ જામી ગઈ, બસ તે જ મુક્તિ છે, મુક્તિ કરવી નથી. (૧૬૧)

☸

વસ્તુ વર્તમાનમાં પ્રત્યક્ષ પડી છે. વર્તમાનમાં જ મોજૂદ છે. એક સમયની પર્યાયની પાછળ આખેઆખી વસ્તુ પડી છે. લક્ષ કરે તે જ ક્ષણે દેખવામાં આવે છે. (૧૮૦)

☸

'વર્તમાનમાં જ હું કૃતકૃત્ય છું' એવી પોતાની વસ્તુમાં દૃષ્ટિ થઈ ત્યાં 'કરું કરું' એવી કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ. બસ તે જ મુક્તિ છે. (૧૯૧)

☸

'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ' કેવી સુંદર વાત 'શ્રીમદ્જી'એ કરી છે ! એક લીટીમાં બધી વાત આવી ગઈ. બસ ભાઈ, તું આટલો જ વિચાર (જ્ઞાન) કર. (૧૯૭)

☸

'હું અધિક છું' તે જ સ્વયંનો માહાત્મ્યભાવ છે. હું કોઈપણ ભાવમાં-વિકલ્પમાં ખસતો જ નથી-તણાતો જ નથી. એવો ને એવો અને જ્યાંનો ત્યાં હરસમય રહું છું. વિકલ્પની સાથે-પરિણામની સાથે ખસતો જ નથી. શું દર્પણનું દળ ક્ષણિક આકારથી ખસી જાય છે ? તેવું ને તેવું જ રહે છે. તેમ હું પણ તેવો ને તેવો જ સદા રહું છું. (૧૯૯)

☸

અરે ભાઈ ! તું એક સમયની પર્યાયમાં આવી જતો નથી. તું તો અનંતી પર્યાયોનો પિંડ છો. જો તું એક પર્યાયમાં આવી જાય તો બીજી બધી પર્યાયો વિધવા થઈ જશે. (૨૦૩)

☸

હું એવો અપરિણામી (ધ્રુવ) પદાર્થ છું કે મને આખા ત્રણ લોકના બધા જ પદાર્થો ભેગા થઈને મને હલાવી શકતા નથી. (૨૦૬)

☸

સાધક-બાધક તો બધું પર્યાયનું જ્ઞાન કરવા માટે છે. વળી સબળાઈ (અનંતવીર્યનાપિંડરૂપ)નાં ચશ્માં લગાવ્યા

વિના નબળાઈનું પણ (યથાર્થ) જ્ઞાન થતું નથી. સાધકપણું-બાધકપણું પર્યાયની વાત છે. અમને તો સાધકપણા–બધાકપણાની પણ દરકાર નથી, કેમ કે બાધકપણું (ત્રિકાળીને) નુકશાન કરી શકતું નથી અને સાધકપણું ત્રિકાળીને લાભ કરી શકતું નથી. પછી તેની દરકાર શા માટે ? (૨૦૭)

❁

પર્યાયમાત્રની ગૌણતા કરો. અનુભવ થયો, ન થયો તે ન દેખો. 'ત્રિકાળી વસ્તુ જ હું છું,' પર્યાયમાત્રને ગૌણ કરીને આ તરફનો (અંતરસ્વરૂપનો) પ્રયાસ કરો. અભિપ્રાયમાં એકવાર બધાથી છૂટી જાઓ. (૨૨૮)

❁

**પાત્રતાના લક્ષણ :–**

પ્રશ્ન :- પ્રથમ પાત્રતાનું શું સ્વરૂપ છે ?

ઉત્તર :- પોતાના દ્રવ્યમાં દૃષ્ટિને તાદાત્મ્ય કરવી, પ્રસારવી. બહિર્મુખમાં તાદાત્મ્ય કરતી દૃષ્ટિને પોતામાં તાદાત્મ્ય કરવી તે જ પ્રથમ પાત્રતા છે. ૨૦.

❁

યોગ્યતા હોય તો સાંભળતાં જ સીધો અંદરમાં ઉતરી જાય છે તેથી તો કહે છે કે 'તેવી તેની કાળલબ્ધિ.' ત્યાં (અજ્ઞાની) કહે અરે, પુરુષાર્થને તો ઉડાડી દીધો ! અરે ભાઈ ! પુરુષાર્થ તેનાથી જુદો થોડો છે ? કોઈ સ્વચ્છંદતા કરી લે, તેથી પુરુષાર્થ કરવો તેમ કહ્યું છે, પરંતુ ત્રિકાળીમાં અહંપણું થાય તેમાં પુરુષાર્થ તો હોય જ છે પરંતુ આ (પુરુષાર્થની) પર્યાય જેટલો હું નથી, હું તો ત્રિકાળી દળ જ છું. (૧૧૩)

❁

યોગ્યતા અને પાત્રતા ઠીક હોય તો એક જ ક્ષણમાં કામ થઈ જાય એવી વાત છે. (૧૮૩)

❁

વાત સાંભળતાં જ ચોંટ લાગે – તે પણ એક પાત્રતા છે. (૪૨૧)

❁

'હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું' – એવું સાંભળતાં જ કાંઈ કરવું–કરાવવું છે જ નહિ – એવો ઉલ્લાસ તો પ્રથમથી જ આવવો જોઈએ; અને પછી તેની જ પૂર્તિ માટે પ્રયાસ કરવો છે. (૪૨૭)

❁

પોતાથી પોતાની પાત્રતાની ખબર પડી જાય છે. બીજો કહે, ન કહે – એનાથી મતલબ નથી. દ્રવ્ય સ્વતંત્ર છે ને ! તેને પરની અપેક્ષા જ નથી. (૪૭૬)

❁

**મુમુક્ષુની ભૂમિકા :–**

પહેલાં તો (તત્ત્વની) ધારણા બરાબર હોવી જોઈએ. પરંતુ ધારણા અંતરમાં ઉતરે ત્યારે સમ્યક્જ્ઞાન થાય છે. ધારણામાં પણ આ તરફનું (આત્માનું) લક્ષ હોવું જોઈએ. (ધારણા સ્વલક્ષ્યી હોવી જોઈએ. સ્વલક્ષ્યી ધારણા પ્રયોજની ઉત્પાદક થાય છે. અને પ્રયોગાન્વિત ધારણામાં ધારણ કરેલો ઉપદેશ જ્યારે અંતરમાં ઉતરે છે ત્યારે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે.) (૨૪)

❁

વિકલ્પથી અને મનથી (પરલક્ષ્યીજ્ઞાનમાં) કરેલો નિર્ણય સાચો નથી. પોતાની તરફ દૃષ્ટિનું તાદાત્મ્ય કરવાથી

જ, પોતાથી કરેલો નિર્ણય જ સાચો નિર્ણય છે. પહેલા વિકલ્પથી, અનુમાનથી (સ્વલક્ષ્યીજ્ઞાન મેં) નિર્ણય થાય, તેમાં પણ લક્ષ તો અંતરમાં ઢળવાનું જ હોવું જોઈએ. (૪૯)

❁

તીવ્ર પ્યાસ (જિજ્ઞાસા) લાગવી જોઈએ. તરસ લાગે તો ગમે તેમ કરીને છીપાવવાનો પ્રયત્ન કર્યા વિના રહે નહિ. (૬૪)

❁

પ્રશ્ન :– પાકા નિર્ણય વિના, હું શુદ્ધ છું, ત્રિકાળી છું, ધ્રુવ છું, એમ અનુભવનો અભ્યાસ કરે તો, અનુભવ થઈ શકે કે કેમ ?

ઉત્તર :– નહીં, પાકો નિર્ણય નહીં પરંતુ યથાર્થ નિર્ણય કહો. યથાર્થ નિર્ણય થયા બાદ નિર્ણયમાં પાકાપણું થાય છે. પછી અનુભવ થાય છે. (૯૨)

❁

વિકલ્પની ભૂમિકામાં પણ (જેને) નિર્ણય થતો નથી તેને નિર્વિકલ્પ નિર્ણય થવાનો અવકાશ જ ક્યાં છે ? (૧૧૮)

❁

ત્રિકાળીનો પક્ષ કરો ! એવો (અપૂર્વ) પક્ષ કરો કે અનંતકાળમાં ક્યારેય થયો ન હોય. વર્તમાનનો પક્ષ છોડો. (૩૨૮)

❁

જેને પોતાનું સુખ જોઈએ છે તેને, જેને પોતાનું સુખ પ્રગટ્યું છે તેની પાસે (સર્વાર્પણ બુદ્ધિપૂર્વક શરણમાં) જવાનો ભાવ આવે છે. (૫૦૧)

❁

**પુરુષાર્થનું સ્વરૂપ :–**

સંસારમાં બધા વિષયમાં પ્રયત્ન કરો છો તો અહીં (અંતરમાં સ્વરૂપનો) પ્રયાસ પણ કરો ને ! આ પ્રયાસમાં તો ઉત્કૃષ્ટ શુભભાવ થાય છે, કે જે બીજી કોઈ જગ્યાએ થતો નથી. આ પણ છે તો કૃત્રિમ પ્રયાસ, પરંતુ અકૃત્રિમ પ્રયાસ પહેલાં તે પણ આવ્યા વિના રહેતો નથી. ૩૦૮

❁

પ્રશ્ન :– પ્રયાસ તો કરવો જોઈએ ને ?

ઉત્તર :– અરે ભાઈ ! કૃત્રિમ પ્રયાસથી શું થશે ? – તેના ઉપર વજન નહિ આવવું જોઈએ. 'હું વર્તમાનમાં જ નિષ્ક્રિય ચૈતન્ય છું' ત્યાં (સ્વરૂપમાં) આવ્યો તો પર્યાયમાં સહજ પ્રયત્ન ઉઠે જ છે. 'હું' તો અનંત પુરુષાર્થથી ખાણ છું ને ! એક સમયના પ્રયાસમાં થોડો આવી જાઉં છું ? (૩૨૪)

❁

સહજ પુરુષાર્થમાં થાક લાગશે નહિ. સૂવા વગેરેના ભાવમાં પણ દુઃખ લાગશે, નિદ્રામાં પણ થાક લાગશે. (સહજ પુરુષાર્થની સાથે સહજ નિરાકુલતા અવિનાભાવીરૂપથી જુદો છે; અતઃ સોના આદિના ભાવમાં તથા નિદ્રામાં પણ થાક લાગતો માલૂમ પડે છે, એવો જ સહજ પુરુષાર્થનું સ્વરૂપ છે. સ્વસ્વભાવના અવલંબનમાં નિર્વિકલ્પ સુખ સહજ વર્તે છે; જ્યારે સ્વરૂપના – વિશ્રામધામને – અવલંબનને છોડીને શરીરાશ્રિત વિશ્રામના વિકલ્પમાં

સુખ કેવું ? એ વિકલ્પ તો પોતે જ દુઃખરૂપ છે.) (૩૬૨)

❁

પુરુષાર્થ તો ચારિત્રમાં છે, દૃષ્ટિમાં શું પુરુષાર્થ છે !

પ્રશ્ન :– શું દૃષ્ટિમાં પુરુષાર્થ નથી ?

ઉત્તર :– દૃષ્ટિમાં પુરુષાર્થ તો છે, પરંતુ ચારિત્રની અપેક્ષાએ બહુ ઓછો પુરુષાર્થ છે, ચારિત્રમાં તો મોટો પુરુષાર્થ છે. (જે પુરુષાર્થથી સમ્યગ્દર્શન થાય છે તેની તારતમ્યતા તથા મુનિદશાયોગ્ય પુરુષાર્થની તારતમ્યતામાં કેટલો મોટું અંતર છે, તે સમ્યગ્દૃષ્ટિને જ ખબર પડે છે. પરંતુ મિથ્યાદૃષ્ટિને પુરુષાર્થ વિષયક એવું જ્ઞાન હોતું નથી.) (૩૮૦)

❁

પુરુષાર્થના ધામમાં પુરુષાર્થ જામી ગયો–તે જ પુરુષાર્થ છે. ૫૦૫

❁

**ધ્યાન ધ્યેય :–**

વિચાર આદિ તો પર્યાયનો સ્વભાવ હોવાથી ચાલતા જ રહે છે, (પરંતુ) જોર ધ્યેય સ્વભાવની તરફ રહે છે તો પરિણતિ (અંતરમાં) ઢળી જાય છે. (૫૩૪)

❁

‘હું’ ધ્યેયસ્વરૂપ છું, પરિણામ ‘મારું’ ધ્યાન કરે છે. (૬૨૧)

❁

**સમ્યક્જ્ઞાનની પ્રવૃત્તિ :–**

શુદ્ધ જીવાસ્તિકાયની દૃષ્ટિ વિના, શાસ્ત્રમાં જે કથન આવે છે, તેની કેટલી હદ સુધી મર્યાદા છે, તે સમજમાં આવે નહિ. અને દૃષ્ટિ થતાં જ્ઞાનમાં સહજ જ બધી વાતો સમજમાં આવી જાય છે. ૧૬૬.

❁

આપણે તો આપણા સુખધામમાં બેસી રહીએ - જામી રહીએ. બસ, આ જ એક વાત કાયમ રાખીને બીજી બીજી બધી વાત ખતાવી લ્યો. ૧૮૮.

❁

દૃષ્ટિ ખુલ્યા વિના શાસ્ત્રનો અર્થ પણ યોગ્ય રીતે ખતવી શકે નહિ. ખતવણીમાં આત્માની મુખ્યતા ક્યારે પણ ગૌણ થવી જોઈએ નહિ. અહીંની મુખ્યતા કાયમ રાખીને જ બધાં કથનોની ખતવણી કરવી જોઈએ. (૧૯૩)

❁

પરિણામનું કાર્ય પરિણામ કરશે. તમે તેની દરકાર છોડો. તમે તો પોતાના નિત્યઘરમાં જ બેસી રહો. પોતાના ઘરમાં (દ્રવ્યસ્વભાવમાં) બેસે તો બધું સહજ જ સહજ છે. પરિણામનાં ચશ્માં પહેર્યાં છે, (પર્યાયમાં ‘હું પણું’ કર્યું છે) તેથી પરિણામરૂપ જ (પોતે) ભાસે છે. અપરિણામી ભાસતો નથી. ૧૯૮.

❁

‘‘હું નિષ્ક્રિય છું’’ આ ચશ્માં તો સદાય લગાવી જ રાખવાં જોઈએ. બીજાં ચશ્માં લગાવતી વખતે પણ આ ચશ્માં તો ચાલુ જ રહેવાં જોઈએ. તે વિના તો કાંઈ દેખાશે જ નહિ. (અહીં ‘ચશ્માં’ શબ્દ ‘દૃષ્ટિકોણ’ના સ્થાનમાં છે.) ૨૦૫.

❁

**જ્ઞાતા દ્રષ્ટાપણું (ભેદજ્ઞાન) :–**

પહેલા વિકલ્પ ઉઠે છે. પાછળથી સમાધાન કરે કે તે સ્વતંત્ર છે–(તો તે યથાર્થ નથી). વિકલ્પની સાથોસાથ તે જ ક્ષણે તેનાથી ભિન્નતા થવી જોઈએ. ૧૮૪.

❁

પ્રશ્ન :– રાગ જ્ઞેય છે, કે દુઃખરૂપ છે ?

ઉત્તર :– અહીં (સ્વભાવમાં) આવ્યો તો રાગ જ્ઞાનમાં જ્ઞેયરૂપ જાણવામાં આવે છે, અને વેદનમાં દુઃખરૂપ લાગે છે. (એક જ સમયમાં જ્ઞાનમાં 'જાણવારૂપ' અને 'વેદવારૂપ' બે પ્રકારના ધર્મ પ્રગટ છે. 'જાણવારૂપ ધર્મ' રાગને માત્ર જ્ઞેયરૂપ જાણીને જ્ઞાતાભાવથી વર્તે છે. 'વેદનરૂપ ધર્મ' વેદન કરે છે, ત્યારે જ્ઞાતાભાવ હોવાથી રાગની આકુળતાનું વેદન દુઃખરૂપ લાગે છે. આવી રીતે જ્ઞાનના બન્ને ધર્મ એક સાથે વર્તે છે, આજ અનેકાંત છે.) (૩૩૨)

❁

પ્રશ્ન :– ઉપયોગ સ્વસન્મુખ થાય છે ત્યારે જે (પરથી) ભિન્નતા ભાસે છે એવી (ભિન્નતા) વિકલ્પના કાળમાં ભાસે છે ?

ઉત્તર :– વિકલ્પના કાળમાં પણ પ્રત્યક્ષ ભિન્નતાનો અનુભવ છે. વળી ઉપયોગને મુખ્ય શા માટે કરો છો ? 'હું તો ધ્રુવતત્ત્વ છું' તેની મુખ્યતા કરવી જોઈએ. શ્રદ્ધા-જ્ઞાન વિકલ્પના કાળમાં (ધારણાની જેમ) ખાલી પડેલા નથી, પરંતુ પરિણમનરૂપ છે. (૪૫૯)

❁

(રાગને) જ્ઞાનનું જ્ઞેય... જ્ઞાનનું જ્ઞેય કહે છે, અને લક્ષ રાગ તરફ છે તો તે સાચું જ્ઞાનનું જ્ઞેય છે જ નહિ. (યથાર્થતામાં તો) જ્ઞાનનું જ્ઞેય તો અંદરમાં સહજરૂપ થઈ જાય છે.

લક્ષ બહાર પડ્યું હોય અને 'જ્ઞાનનું જ્ઞેય' છે એમ બોલે તો મને તો ખટકે છે. એ રીતે 'યોગ્યતા', 'ક્રમબદ્ધ' વગેરે બધામાં લક્ષ બહાર પડ્યું હોય અને કહે, તે તો મને ખટકે છે. (૫૭૯)

❁

'સારા જગત જ્ઞાનનું જ્ઞેય છે,' 'અનુકૂળતા-પ્રતિકૂળતા કાંઈ નથી.' – આ અભિપ્રાયમાં દ્રષ્ટિ અભેદ હોવી જોઈએ. દ્રષ્ટિમાં મચક નહિ આવવી જોઈએ. અભિપ્રાયમાં પરથી લાભ-નુકસાનની માન્યતા કેમ ? અભિપ્રાયમાં ઇચ્છા અથવા દીનતા નહિ હોવાં જોઈએ. (અભિપ્રાય અને દ્રષ્ટિ સાથે વર્તે છે અને તદનુસાર જ પરિણમનનું સંચરણ / વિકાસ થાય છે, એવો સિદ્ધાંત છે.) (૫૯૩)

❁

**સિદ્ધાંતિક નિરૂપણ :–**

ફૂલ બાગમાં હો અથવા જંગલમાં. તેને કોઈ સુંઘે કે ન સુંઘે ! તેની કિંમત તો પોતાથી છે. કોઈ સુંઘે તો તેની કિંમત વધી જતી નથી. અથવા ન સુંઘે તો કરમાઈ જતું નથી. તેમ કોઈ જીવ પોતાને જાણે અથવા ન જાણે. તેથી પોતાનું મૂલ્ય થોડું જ છે ? પોતાની કિંમત તો પોતાથી જ છે. કોઈ માન સન્માન દે – ન દે બધું ધૂળ જ ધૂળ છે. તેમાં કાંઈ નથી. (૧૭૨)

❁

## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ પત્રાંક-૨૨ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન તા. ૩૧-૦૭-૧૯૯૧

(પ્રશ્નને) દોહરાવ્યો છે.

પ્રશ્ન :- આપની ઉપર પત્ર છે ?

સમાધાન :- હા,

**'કિસ પ્રકાર આત્મા અપની ઓર પુરુષાર્થ કી વૃદ્ધિ કરને કા પ્રયોગ કરતા હૈ ?'** પ્રયોગ વિષયક (પ્રશ્ન છે). પુરુષાર્થની વૃદ્ધિ કરવાનો પ્રયોગ શું ? સીધો પ્રશ્ન આ છે. **'આપકે ઇસ પ્રશ્ન પર મેરા તો ઇતના હી લિખના હૈ કિ પ્રથમ કી યથાર્થ શ્રદ્ધા સમય, શ્રદ્ધા કી પર્યાય કા અખંડ કી ઓર જો ઝુકાવ અથવા લીનતા કા પુરુષાર્થ હોતા હૈ ઉસમેં કાલભેદ નહીં હૈ...'** એટલે શું છે કે પહેલી જ્યારે શરૂઆતમાં શ્રદ્ધા પ્રગટે છે, શરૂઆત થાય છે ત્યારે જે પુરુષાર્થને કારણે શ્રદ્ધાની પર્યાય અખંડ આત્મતત્ત્વની બાજુ ઝૂકે છે અને એ વખતે જીવ સ્વરૂપમાં સ્થિર થઈ જાય છે, એની અંદર કાળભેદ નથી, શ્રદ્ધા પ્રગટે અને સ્વરૂપ સ્થિરતા પ્રગટે. (બન્ને) એક જ કાળમાં પ્રગટે છે. એ વખતનો જે પુરુષાર્થ છે એટલે શ્રદ્ધાનો પુરુષાર્થ કહો એ પુરુષાર્થ હોય છે **'ઉસમેં કાલભેદ નહીં હૈ વ યથાર્થ શ્રદ્ધા મેં જો પુરુષાર્થ કા પ્રયોગ હૈ,...'** અને એ કાળે જે પુરુષાર્થ જે પ્રયોગથી થયો **'બારમ્બાર ઉસ હી પ્રયોગ કી વૃદ્ધિ હોતી રહતી હૈ,...'** એટલે પહેલી વખત જે પુરુષાર્થ થયો એ જ પ્રકારનો પુરુષાર્થ સહજ વૃદ્ધિગત થતો રહે છે. જે પુરુષાર્થથી શ્રદ્ધા થાય એનો જે પ્રયોગ હોય, અને પુરુષાર્થમાં વૃદ્ધિ થાય એનો જે પ્રયોગ હોય ઈ બે એક જ છે એમ કહેવું છે.

પ્રશ્ન :- શ્રદ્ધાન અને ચારિત્રની અપેક્ષાએ એક પરિણામ છે ?

સમાધાન :- નહીં, એમ નથી. કહેવું શું છે અહીંયાં ? પ્રશ્ન પુરુષાર્થ સૂચક છે કે પોતાના પુરુષાર્થમાં વૃદ્ધિ કરવાનો પ્રયોગ શું ? કેવી રીતે હોય ? કેવી રીતે આત્મા (પુરુષાર્થ) કરે ?

મુમુક્ષુ :- પુરુષાર્થને મુખ્ય કરીને વાત કરે છે.



પૂજ્ય ભાઈશ્રી :- હા, પુરુષાર્થ વિષયક પ્રશ્ન છે કે પુરુષાર્થની વૃદ્ધિ પરિણામમાં કેવી રીતે થાય ? કે, પ્રથમ જે રીતે પુરુષાર્થ જાગ્યો અને શ્રદ્ધા થઈ અને લીનતા થઈ એ બધું એક જ કાળમાં થયું. તો એ જે શ્રદ્ધાનો પુરુષાર્થ (થયો) એ વખતે પણ પ્રયોગ, પુરુષાર્થ (થયો). પ્રયોગ અને પુરુષાર્થ અવિનાભાવી છે. પ્રયોગ હોય એટલે પુરુષાર્થનું પ્રકરણ શરૂ થયું. પુરુષાર્થ પ્રયોગકાળે હોય છે એટલે પ્રયોગ અને પુરુષાર્થ અવિનાભાવી છે. 'પરમાગમસાર'માં ૩૦૪ નંબરનો બોલ છે.

પ્રશ્ન :- આ પ્રયોગ અને પુરુષાર્થને એક જ કહીએ તો ?

સમાધાન :- એક નથી એટલા માટે કે પ્રયોગ છે એમાં ભિન્ન ભિન્ન પ્રયોગો થાય છે, પુરુષાર્થમાં ભિન્ન ભિન્ન પ્રકાર નથી થતાં. બે અવિનાભાવી છે.

પ્રશ્ન :- પ્રયોગને ચારિત્રની મુખ્યતામાં લેવું ?

સમાધાન :- પ્રયોગ છે ને એમાં એક ગુણનું કાર્ય નથી, પ્રયોગમાં એક ગુણનું કાર્ય નથી. બધા મુખ્ય ગુણોની પ્રવૃત્તિ એ પ્રયોગકાળે હોય છે. દાખલા તરીકે આપણે એમ નથી કહેતા કે ભાઈ ! પ્રયોગ કઈ રીતે કરવો ? તો ઉદયકાળે પ્રયોગ કરવામાં આવે છે કે ગળ્યું લાગ્યું અને સારું લાગ્યું, તો લાગ્યું કે જ્ઞાન થયું ? કે ખરેખર જ્ઞાન થયું છે, ગળપણ આત્મામાં લાગ્યું નથી, ચોંટ્યું નથી, આત્માને – જ્ઞાનને ગળ્યું કર્યું નથી. જ્ઞાનમાં માત્ર ગળપણનું જાણવું થયું છે. તો માત્ર જ્ઞાન થયું છે એમ પોતાના ભાવમાં લેવા માટે થોડુંક બળ કરવું પડે છે. ઊંધા બળની સામે સવળું બળ છે. ગળ્યું લાગે છે એ ઊંધું બળ છે અને માત્ર જણાય છે તે સવળું બળ છે, પણ એમાં જ્ઞાન પણ છે અને પુરુષાર્થ પણ છે, બન્ને છે. અને લાગવાથી જે રાગ થયો (કે)

'ગળ્યું મને સારું લાગ્યું' એવો જે સારાપણારૂપ રાગ થયો, એ રાગને તોડવાની એક પ્રક્રિયા છે, પ્રયોગથી રાગને તોડવાની એક પ્રક્રિયા છે. રાગ ન તૂટે તો રાગનો રસ તો તૂટે, તૂટે ને તૂટે જ આ પ્રયોગથી. એ પ્રયોગ વસ્તુ એટલી Solid છે કે એ નકામી નથી જતી. ('પરમાગમસાર'નો) ૪૦૩ નહીં પણ ૩૦૪ (નંબરનો બોલ છે).

પ્રશ્ન :- રાગ કરતા દ્વેષમાં વધારે જોરથી પ્રયોગ થઈ શકે ને ?

સમાધાન :- રસની તીવ્રતા થાય છે. દ્વેષમાં રસની તીવ્રતા થાય છે.

પ્રશ્ન :- ત્યારે પ્રયોગ વધારે થઈ શકે કે મને જ્ઞાન જ થાય છે ?

સમાધાન :- પ્રયોગ તો જ્યારે બળવાનપણે જેટલો કરે એટલો લાભદાયી છે. રાગમાં, દ્વેષમાં રસ વધે ત્યારે. 'ગુરુદેવ'નું વચન આ છે, ૩૦૪ નંબર.

**'આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે...'** આ જે બાબત છે – આત્માના હિતની બાબત છે એને પ્રયોગમાં લાવવા માટે **'અંદર મૂળમાંથી પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ.'** પુરુષાર્થ વગર પ્રયોગ શરૂ ન થાય. જો કોઈ જીવ પ્રયોગમાં આવે છે એનો અર્થ કે એણે હવે પુરુષાર્થ માંડ્યો, એણે પુરુષાર્થનો પ્રારંભ કર્યો. એટલે પ્રયોગ અને પુરુષાર્થ અવિનાભાવી છે.

પછી પ્રયોગમાં વિભિન્નતા શું આવે છે ? કે ઉદય જેટલો ફરે એટલા પ્રકારના પ્રયોગો બદલાય છે. આપણે આ ખાવાનો દૃષ્ટાંત લીધો એમાં રસના ઇન્દ્રિય છે. (એમ) કોઈપણ ઉદય વખતે – પંચેન્દ્રિય સંબંધી અને મન સંબંધીના કોઈપણ વિષય વખતે જ્ઞાનમાત્રપણે સાવધાની પકડવી અને તે પ્રકારના વિભાવના રસને કે વિભાવને તોડવો એ પુરુષાર્થનું કાર્ય છે અને એ પ્રયોગકાળે થાય છે, એમ છે.

અહીં તો પ્રશ્ન એવી રીતે લીધો છે કે પુરુષાર્થ જો તમારો ઉગ્ર છે તો તમારો પ્રયોગ શું છે ? પૂછવાનો આશય ઇ છે ત્યાં. તમારો પુરુષાર્થ ઉગ્ર દેખાય છે તો તમારો પ્રયોગ શું ચાલે છે ? એમણે General ઉત્તર આપ્યો છે કે જ્યારે શ્રદ્ધા પરિણમી અને નિર્વિકલ્પ સ્થિરતા આવી ત્યારે પુરુષાર્થથી આવીને ? અને એ કોઈ પ્રયોગથી આવી છે એમાં ભેદજ્ઞાનનો પ્રયોગ છે ત્યાં પછી પાંચ ઇંદ્રિયના વિષયનો પ્રયોગ નથી પણ એક મનનો પ્રયોગ છે.

મનનો શું પ્રયોગ છે ? કે માત્ર ત્યાં હું આત્મા છું, હું જ્ઞાનસ્વરૂપ છું એવો મનનો એક વિકલ્પ છે અને ત્યાં એ વિકલ્પના રાગથી પણ ભિન્ન જ્ઞાન છે ત્યાં એ પ્રયોગ છે. ત્યાં રાગથી ભિન્ન ભેદજ્ઞાનનો પ્રયોગ ચાલે છે, ભેદજ્ઞાનનો પ્રયોગ ચાલે છે રાગથી ભિન્નતાનો. તો રાગથી ભિન્નતાનો જે પ્રયોગ અનુભવદૃષ્ટિથી ચાલે છે (કે) મને શું અનુભવાય છે ? મારી સત્તામાં રાગ કે મારી સત્તામાં જ્ઞાન ? મારી સત્તામાં હોય એનો મને અનુભવ થાય. મારી સત્તાની બહાર હોય ઈ જણાય ખરું પણ અનુભવાય નહીં. શું વાત છે ?

જેમ સાકરનું ગળપણ જણાય ખરું પણ અનુભવાય નહીં. આ પ્રયોગનો વિષય છે કેમકે એ (સાકર) જ્ઞાનની સત્તા બહાર છે. એમ જ્ઞાનની સત્તા બહાર રાગ છે તો રાગ જણાય ખરો પણ રાગ અનુભવાય નહીં. એ જે પ્રયોગ ચાલે છે એ પ્રયોગથી જે લીનતા આવી ગઈ, આમાં શું છે કે રાગનો નિષેધ અને જ્ઞાન તે આત્માનો વિધિ નામ આદર. વિધિ- નિષેધનો પ્રયોગ છે. પ્રયોગમાં વિધિ-નિષેધ બન્ને છે. તો રાગનો નિષેધ અને જ્ઞાનથી આત્માનો આદર અથવા વિધિ. એ વિધિમાં પુરુષાર્થ, પ્રયોગ ચાલે છે એમાં પુરુષાર્થની ઉગ્રતા થઈ એટલે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનું શુદ્ધ પરિણમન આવીને લીનતા થઈ ગઈ. નિષેધ ખલાસ થઈ ગયો, નિષેધનું પડખું ખલાસ થઈ ગયું. વિધિનું ફળ આવ્યું – આનંદ ઉત્પન્ન થયો તે.

એમનું એમ કહેવું છે કે એ વખતે જે પુરુષાર્થનો પ્રયોગ છે, વારંવાર એ જ પ્રયોગની વૃદ્ધિ થતી જાય છે. જ્ઞાનદશામાં એ ભેદજ્ઞાનના પ્રયોગની વૃદ્ધિ થતી જાય છે અને પુરુષાર્થ ઉગ્ર થતો જાય છે. એટલે બીજા ન્યાયે બીજી ભાષામાં એમ કહી શકાય કે જ્ઞાની શું પ્રવૃત્તિ કરે છે ? એનું ધ્યેય તો શુદ્ધાત્મા છે અને પૂર્ણતા

– બે ધ્યેય છે. એક આશ્રય લક્ષે અને એક કાર્ય – પ્રયોજન લક્ષે, પ્રયોજનના અથવા કાર્યના લક્ષે. યથાર્થ લક્ષ છે. એ તો લક્ષ તો ધ્રુવ થઈ ગયું. લક્ષમાં તો કાંઈ ફેરફાર કરવાનો પ્રશ્ન નથી કે એને સ્મરણ કરવાનો પણ પ્રશ્ન નથી. સ્મૃતિ-વિસ્મૃતિથી પર છે. લક્ષ ખસતું નથી માટે. પણ પ્રવૃત્તિ શું કરે છે જ્ઞાની ? નવરા નવરા (કરે છે શું ?) એમને બીજું કામ કરવું ગમતું નથી, સંસારના કાર્યો એમને ગમતા નથી. ન કરે એટલે પ્રવૃત્તિ ઓછી થાય, નિવૃત્તિ લે અને નવરા પડી જાય. બહારથી લોકોને એમ લાગે કે આ નવરા માણસ છે. તો ઇ કરે છે શું નવરા નવરા ? એમની પ્રવૃત્તિ શું ? તો કે ભેદજ્ઞાનની પ્રવૃત્તિ કરે છે. સતતપણે ભેદજ્ઞાનની પ્રવૃત્તિ અને ભેદજ્ઞાનનો પ્રયોગ ચાલે છે. ઉદય તો એમને આઠેય કર્મનો છે. ઉદય છે એ પ્રયોગશાળા છે. જ્ઞાન અને રાગ જુદાં પડવાના – પ્રયોગ કરવાના સાધનો છે અને એનાથી પ્રયોગ ચાલ્યા કરે છે. પ્રયોગશાળામાં પ્રયોગ ચાલુ રહે છે. એમાં પુરુષાર્થ વૃદ્ધિગત થાય છે ઈ એક જ પ્રકાર છે.

**‘બારમ્બાર ઉસ હી પ્રયોગ કી વૃદ્ધિ હોતી રહતી હૈ,...’** એમ કહેવું છે. એ સહજ વૃદ્ધિ થાય છે. **‘હોતી રહતી હૈ’** એનો અર્થ શું છે ? કે વારંવાર એ ભેદજ્ઞાનનો પ્રયોગ ચાલતો હોવાથી પુરુષાર્થની વૃદ્ધિ થઈ જાય છે, પુરુષાર્થની વૃદ્ધિ થતી રહે છે પછી કરવાનો પ્રશ્ન નથી. **‘ઉસે વૃદ્ધિ કા પુરુષાર્થ કહતે હૈં.’** એને વૃદ્ધિનો પુરુષાર્થ કર્યો જ્ઞાનીએ એમ કહેવામાં આવે છે. બોલવું હોય તો એમ બોલાય કે ‘સોગાનીજી’એ પુરુષાર્થ ઘણો કર્યો પણ ખરેખર ઘણો થયો છે. એને ઘણો કર્યો એમ કહેવામાં આવે, બોલવામાં (એમ આવે).

મુમુક્ષુ :– ખરેખર પ્રયોગ ઘણો કર્યો.

પૂજ્ય ભાઈશ્રી :– પ્રયોગ પણ હા, ઘણો કર્યો છે પણ ઇ પણ સહેજે ચાલે છે. પણ પ્રયોગ તો સતત ચાલે જ છે એને કર્યો એમ કહીએ છીએ, પુરુષાર્થ કર્યો એમ કહીએ છીએ પણ સહજતા છે.

પ્રશ્ન :– પ્રયોગની વૃદ્ધિમાં પુરુષાર્થની વૃદ્ધિ થવી એ સહજ છે ?

સમાધાન :– હા, સહજ જ છે. કેમકે પ્રયોગ અને પુરુષાર્થ અવિનાભાવી છે. પ્રયોગ અને પુરુષાર્થ અવિનાભાવી છે. જે કાર્ય તમે સતત ચાલુ રાખો તે કાર્ય ઘટ્ટ થાય અને ઘનિષ્ટ થાય એ તો સ્વાભાવિક વાત છે. તમે પાણીમાં ખાંડ નાખ્યા કરો તો ગળપણ પાણીમાં વધતું જ જાય. તમે એક ચમચી ખાંડ નાખી ત્યારે મોળામાંથી ગળ્યું થયું, પાંચ ચમચી નાખી ત્યારે વધારે ગળ્યું થયું અને પચીસ ચમચી નાખી ત્યારે એથી વધારે ગળ્યું થયું.

મુમુક્ષુ :– જ્ઞાનીને પરિણામ માત્રમાં સહજતા જ હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. પછી શું થાય છે કે જેમ સંસારમાં સહજતા કેવી છે ? કેમકે જીવનું પ્રયોજન છે કે આપણા સંયોગો આપણે વધારે સારા કરવા જોઈએ, આપણા સંયોગો આપણે સુધારવા જોઈએ, આપણા સંયોગો હોય એના કરતા વૃદ્ધિગત થવા જોઈએ એ વગેરે પ્રકાર. તો એમ ને એમ એ થયા જ કરે. એને લક્ષીને, સંયોગ સુધારવાનું એ લક્ષ થઈ જાય છે. એટલે એના લક્ષે વિચારો કરવા પડે છે ? થઈ જાય છે. એ ઘટમાળ ચાલ્યા જ કરે. ખાતા-પીતા-ઊઠતા-બેસતા-ઊંઘતા એ જ બધું ચાલ્યા કરે. વેપાર કરતો હોય અને જેને જે જાતનો વેપાર (હોય), જેને જે રીતના ઉદય હોય. કારણ કે ઇ પ્રયોગો પણ ઉદયમાં જ થાય છે, ઊંધો પણ ઉદયમાં થાય છે અને સવળો પણ ઉદયમાં જ થાય છે. બન્નેની પ્રયોગશાળા તો એક જ છે. પછી એ થયા જ કરે છે. એટલે ઇ જેમ સહજ થઈ જાય છે એમ આ પણ સહજ થઈ જાય છે. લાઇન ફેર થઈ ગઈ એટલું જ.

મુમુક્ષુ :– લક્ષ આખું પૂર્ણતા ઉપર છે એટલે..

પૂજ્ય ભાઈશ્રી :– બસ ! પરિણમન તો જીવનો સ્વભાવ છે, વસ્તુનો સ્વભાવ છે. હવે જે લક્ષ હોય એ બાજુનું પરિણમન સહેજે સહેજે થયા કરે. પરિણમન તો કરવાનું નથી કાંઈ, કે નથી થતું ને કરવું છે, પણ કઈ બાજુ થાય છે આટલો જ પ્રશ્ન છે. એટલો પ્રશ્ન શેને લીધે છે ? કે જેને લીધે લક્ષ છે એને લીધે એ

પરિણમનનો પ્રવાહ ચાલવાનો છે.

મુમુક્ષુ :– પ્રયોગ અને પુરુષાર્થનું સ્પષ્ટીકરણ સારું આવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, વાંચનમાં કર્યું છે પણ ખ્યાલ ન ગયો હોય. નહીંતર કોઈ કોઈ વાર વાંચનમાં એ વાત સ્વાધ્યાયમાં લઈએ છીએ ત્યારે પ્રયોગ અને પુરુષાર્થની વાત આવે છે. સંક્ષેપમાં આવી જાય પણ આ તો બહુ સ્પષ્ટ વાત છે.

આમાં પણ લીધું છે 'નિર્ભ્રાંત દર્શનની કેડીએ'ના પહેલા પ્રકરણમાં એ વાત લીધી છે. પ્રયોગ અને પુરુષાર્થ સંબંધીની સ્પષ્ટતા કરી છે. ધ્યાન ગયું હોય, ન ગયું હોય પણ (સ્પષ્ટતા) કરી છે, ત્યાં પણ કરી છે, ખ્યાલ છે. કારણ કે ત્યાં તો ૩૦૪ બોલનો આ આધાર પણ આપ્યો છે. એ ચર્ચા કરી છે ત્યાં પાછો આધાર પણ 'ગુરુદેવ'ના વચનનો આપ્યો છે કે પ્રયોગ અને પુરુષાર્થ (સંબંધી) 'ગુરુદેવ' આવી રીતે વાત કરે છે. ચર્ચા કરી અને પછી આધાર આપ્યો છે.

**'પહલે કે વ બાદ કે પુરુષાર્થ કે પ્રકાર મેં કોઈ પ્રકાર કા ફર્ક નહીં હૈ.'** શું છે (કે) પુરુષાર્થની રીત કે પ્રકાર નથી બદલાતો, જાત નથી બદલાતી, રીત નથી બદલાતી, ઇ એક જ રહે છે. ખાલી વધવું-ઘટવું એટલો જ ફેર છે, તારતમ્ય ભેદ છે, Qualityનો ફેર નથી. **'ઇસ હી લિયે ગુરુદેવશ્રી કા યથાર્થ સમઝણ પર બારમ્બાર જોર રહતા હૈ, કારણ ઇસ પ્રથમ સમઝણ મેં હી ભવિષ્ય કા સમ્યક્ પુરુષાર્થ ગર્ભિત હૈ.'** એટલે પુરુષાર્થનું ઉત્પાદક જ્ઞાન છે એમ કહેવું છે. જ્ઞાન છે એ પુરુષાર્થનું ઉત્પાદક છે. એટલે તો જ્ઞાનને સાધન કહ્યું છે. જ્ઞાનથી રુચિ ઉત્પન્ન થાય છે અને રુચિ અનુયાયી પુરુષાર્થ છે, પુરુષાર્થ રુચિને અનુસરીને થાય છે. તો જ્ઞાનથી રુચિ કેમ થાય છે ? કે જ્યાં સુખ ત્યાં રુચિ. પરમાં સુખ છે એવું જ્ઞાન છે, સમજણ છે ત્યાં સુધી રુચિ પરની છે અને પુરુષાર્થ પણ પર સંબંધિત પરને અનુસરતો છે.

જ્યારે જ્ઞાનીપુરુષે એમ કહ્યું કે સુખ અંતરમાં છે હે જીવ ! ભ્રમા માં ! સુખ અંતરમાં છે, બહારમાં નથી. આ 'શ્રીમદ્જી'નું બહુ સુંદર વચન છે. હે જીવ ! ભ્રમા માં. સુખ અંતરમાં છે, સુખ ક્યાંય બહારમાં નથી. અને જ્યારે જીવને સુખ અંદરમાં ભાસ્યું ત્યારે એની રુચિ ઇ બાજુની – સુખની રુચિ તો થવાની, કરવી નહીં પડે. રુચિ કરવી નથી પડતી અને કરી થાતી નથી. એ તો જ્ઞાનમાં સુખ દેખાય એના ઉપર આધારિત છે. જ્ઞાનમાં સુખ જ્યાં ભાસે ત્યાં રુચિ થાય ને રુચિ થાય ત્યાં પુરુષાર્થ ઊપડ્યા વિના રહે નહીં. પુરુષાર્થને રોકી શકાય નહીં. એટલે જ્યાં જ્ઞાનથી સુખ ભાસે છે, સુખ ભાસે એટલે સુખની રુચિ થાય છે, સુખની રુચિ થાય છે એટલે એની પ્રાપ્તિનો પુરુષાર્થ પણ સહેજે ઉત્પન્ન થાય છે. આ વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :– ટૂંકમાં ઘણી સરસ વાત કરી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, (એમના) પત્રોમાં તત્ત્વ ઘણું ભર્યું છે. 'ગુરુદેવ' કાંઈ અદ્ધરથી કાંઈ માન્ય કરે એવું નથી કાંઈ. હોય ને સામે પ્રત્યક્ષ હોય તોપણ માન્ય ન કરે, આ તો પરોક્ષતામાં માન્ય કર્યા છે. એ કાંઈ જેવી તેવી વાત નથી. પ્રત્યક્ષ માણસ હોય ને ઘણા જ્ઞાની તરીકે એને માનવા તૈયાર થયા હોય તોપણ 'ગુરુદેવ' ન માની લે. કહી દ્યે, જે હોય ઈ કહી દ્યે, એમાં કાંઈ ગડબડ ન રાખે. આ તો પરોક્ષ ખાલી એમનો શબ્દદેહ, અક્ષરદેહ રહ્યો છે ને માન્ય કર્યા છે. એ કાંઈ સાધારણ વાત નથી. એની અંદર કેટલું ભર્યું છે ઇ પોતાને ખ્યાલ છે. આમાં શું ભર્યું છે ઇ પોતાને બરાબર જ્ઞાન છે. અને સમ્યક્ સન્મુખની અને મુમુક્ષુતાની ને પાત્રતાની બધી ચર્ચા 'ગુરુદેવ' સાથે ઘણી કરી છે. મને તો ખ્યાલ છે 'ગુરુદેવ'ને એ વિષય ઉપર કેટલું સ્પષ્ટ, પોતાના વિચારની અંદર વિષય કેટલો સ્પષ્ટ હતો. એવું યાદ છે કે કોઈ પ્રશ્નનો એમણે વિચાર કરીને ઉત્તર આપ્યો હોય એવું નથી લાગ્યું કે પ્રશ્ન પૂછીએ એટલે થોડીવાર સેકન્ડ-બે સેકન્ડ વિચાર કરવા થોભે ને પછી જવાબ દે એવું નથી જોયું. જેટલો ઝડપથી પ્રશ્ન પૂછ્યો હોય એટલો ઝડપથી ઉત્તર સામે આવ્યો છે. એટલા જ એ પોતે પોતાના એ વિષયની અંદર સ્પષ્ટ છે.

સમ્યક્ સન્મુખની ચર્ચાનો એક દાખલો આપું. આપણે વાત તો થઈ ગઈ છે કે જ્ઞાન છે એ નિર્ણય કરે છે, ત્યારે એ જ્ઞાન વધતું વધતું, જ્ઞાનબળ વધતું વધતું સમ્યક્દર્શન અને અનુભવ સુધી પહોંચે છે; તો એ જ્ઞાનને જાત્યાંતર કહેવાય કે નહીં ? તો (કહ્યું) કે, આમ શાસ્ત્ર શૈલીથી ન કહેવાય પણ છે ખરું. ત્યાં શ્રદ્ધા કેવી છે ? કે શ્રદ્ધા મિથ્યા છે. બીજો પ્રશ્ન ફડાક વચમાંથી કાઢ્યો હોય તો ઇ જ સેકન્ડે ઉત્તર સામે દઈ દ્યે. વિચાર કરીને નથી આપતા કે અહીંયા આટલું જ્ઞાનને સવળું કીધું તો શ્રદ્ધાને હવે શું કહેશું ? જરાક વિચારીને કહીએ. ત્યાં મંદ મિથ્યાત્વ છે. સીધો જવાબ શું આપ્યો ? ત્યાં મંદ મિથ્યાત્વ છે એમ કહ્યું, શબ્દો એમ હતા.

મુમુક્ષુ :– મંદ મિથ્યાત્વ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ત્યાં મંદ મિથ્યાત્વ છે એમ કહ્યું. અનુભાગ ઘટી ગયો છે ને. ત્યાં મંદ મિથ્યાત્વ છે. પણ ગમે એવો સૂક્ષ્મ વિષય હોય, ગમે એવી સૂક્ષ્મ ચર્ચા હોય તો વિચાર કરીને ઉત્તર આપવો પડે એવી એમની સ્થિતિ નથી જોઈ. પૂછ્યું (એટલે) વિષય શું ચાલે છે એમને ખબર છે એટલે કોઈ વિષયાંતરથી જવાબ આવવાનો તો પ્રશ્ન જ નથી. જ્ઞાન વિષયક પ્રશ્ન હોય તો એ જ્ઞાન વિષયક જવાબ આવે, શ્રદ્ધા વિષયક હોય તો શ્રદ્ધા વિષયક, પુરુષાર્થ વિષયક હોય તો પુરુષાર્થ વિષયક To the point અને ફડાક દઈને ઇ વખતે (જવાબ આપે). પોતાને તો ઘણી સ્પષ્ટતા વર્તે છે. આ ભલે 'સોગાનીજી'એ સંક્ષેપમાં લખ્યું હોય. એમને એ વિષયગત સ્પષ્ટતા એટલી બધી વર્તે છે કે એમાં કાંઈ એમને કહેવું ન પડે કે આમાં 'ગુરુદેવે' કેમ આમ Certificate આપ્યું હશે ! એવું છે.

મુમુક્ષુ :– ઘણી વખત તો સામેવાળો પ્રશ્ન પૂછે ત્યાં અધૂરો પ્રશ્ન હોય ત્યાં જ ઉત્તર ચાલુ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– ઇ તો ખબર હોય ને કે આનો પ્રશ્ન ક્યાં બેસીને પૂછે છે અને શું પૂછે છે ઇ તો ખબર હોય ને. એટલી તો જ્ઞાનમાં વિશેષતા છે. સામાન્ય બાબતોમાં તો સહેજે ખ્યાલ આવી જાય. પણ આ તો સૂક્ષ્મ વિષય ચાલતો હોય તોપણ વિચારમાં નથી થોભ્યા કે વિચાર કરીને જવાબ દ્યે. પૂછ્યું નથી ને જવાબ આપ્યો નથી.

મુમુક્ષુ :– સમજણ શબ્દ પહેલા યથાર્થ વિશેષણ લગાડ્યું છે એમાં કેટલા ન્યાયો ભરી દીધા !

પૂજ્ય ભાઈશ્રી :– હા, એટલા માટે યથાર્થ સમજણ ઉપર (જોર આપ્યું). સમજણ ઉપર ન કહ્યું પણ યથાર્થ સમજણ ઉપર 'ગુરુદેવ'નું જોર રહેવાનું કારણ ઇ છે કે ભવિષ્યનો સમ્યક્ પુરુષાર્થ ઇ યથાર્થ સમજણમાં ગર્ભિત છે. એટલે એમણે પણ ઉત્તર આપ્યો અને એ ઉત્તરમાં પુરુષાર્થનું સ્પષ્ટીકરણ આપ્યા પછી બધાનું મૂળિયું શું છે ઇ પણ વાત કરી દીધી અને 'ગુરુદેવ'ની સાક્ષી મૂકી દીધી.

**'સોગાનીજી' પણ બહુ વિચક્ષણ હતા. જો કે એમનો પુરુષાર્થ પણ એટલો હતો પણ વિચક્ષણતા પણ ઘણી હતી. કોઈ વખત તો જ્ઞાનનો એટલો ઉઘાડ ન હોય કેમકે એટલો એમને 'ગુરુદેવ'નો સત્સંગ નહોતો.** પણ છતાં આગળ એક પત્ર આવશે પુરુષાર્થનો ને એ બધો. પત્રની અંદર પુરુષાર્થ વિષયક, જ્ઞાન વિષયક, શ્રદ્ધા વિષયક જુદા જુદા પ્રશ્નો છે. **બહુ વિચક્ષણતાથી ઉત્તર આપ્યા છે. અસાધારણ વિચક્ષણતાથી ઉત્તર આપ્યા છે.** એનું તો ગુજરાતી કરવું હતું એ મુશ્કેલ પડી ગયું હતું. (એક મુમુક્ષુભાઈએ) ગુજરાતી કર્યું છે ને આગળ છાપ્યું છે. આધ્યાત્મિક પત્રો 'પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના અધ્યાત્મિક પત્રો' ગુજરાતી. (ઇ ભાઈ) ઇ પત્રમાં મૂંઝાણા હતા. બીજા બીજા વિદ્વાનો પાસે ગયા પણ બધાય મૂંઝાણા (પછી મારી પાસે આવીને કહ્યું કે), ગુજરાતી(માં) કાંઈ મેળ બેસતો નથી, આમાં શું કહેવા માગે છે ઇ સમજાતું નથી તો ગુજરાતી કરવું કેવી રીતે ? ભાષા રહી હિન્દી. પછી ગુજરાતી કરી દીધું કે આમ કહેવા માગે છે હવે જુઓ આમ લખવાથી બધું બેસી જશે.

મુમુક્ષુ :– એક વચનમાં અનંત આગમ સમાયેલા છે તેની પ્રતીતિ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– ખરી વાત છે.

**'અખંડ જ્ઞાનઘન પુરુષાકાર (દેહાકાર) શરીર, કર્મ, ભાવકર્મ વ શુદ્ધપર્યાય સે ભી ઊંડા ચૈતન્ય તત્ત્વ 'મૈં' હૂં, યહ હી મેરા અસ્તિત્વ હૈ, શુદ્ધપર્યાય કા અસ્તિત્વ ભી ઇસમેં ગૌણ હૈ; ઐસી પ્રથમ યથાર્થ શ્રદ્ધા જબ હી કહી જાતી હૈ કિ ઐસી શ્રદ્ધા કે પ્રસાર કે સાથ હી લીનતા કા પ્રથમ આત્માનુભવ હોતા હૈ.'** હવે એ પુરુષાર્થના વિષયમાં થોડું વધારે સ્પષ્ટીકરણ આપવું છે કે, પહેલાં એમ કહ્યું કે જે પુરુષાર્થ થાય છે ઇ જ પ્રકારે; ઇ જ પ્રકારે એટલે તેનો તે જ છે, સહજ વૃદ્ધિ થતી જાય છે. બરાબર છે ? તો હવે ઇ શ્રદ્ધા કેવી રીતે થાય છે ? જે પુરુષાર્થથી શ્રદ્ધા પરિણમે છે એ શ્રદ્ધા કેવી રીતે થાય છે એનો વિસ્તાર કરે છે.

**'અખંડ જ્ઞાનઘન પુરુષાકાર...'** હવે જે દેહાકાર, પુરુષાકાર એટલે દેહાકાર એમ. મનુષ્યાકાર મનુષ્યની અત્યારે ચર્ચા, વાત ચાલે છે એટલે પણ ઇ તો તિર્યંચ હોય તો તિર્યંચ, દેવ હોય તો દેવ, નારકી હોય તો નારકી એ પ્રમાણે લઈ લેવું કે શરીરનું જે માપ છે એ જ પ્રમાણમાં ચૈતન્યબિંબનું માપ છે, ક્ષેત્ર અપેક્ષાએ એટલું છે. એથી બહાર પણ નથી ને એથી ઓછું પણ નથી. અને એ અખંડ જ્ઞાનઘન છે. આખો જે આત્મપિંડ છે એ અખંડ જ્ઞાનઘન છે, ક્યાંય ખંડિતપણું નથી અને નિબિડ જ્ઞાન છે કે જેની નિબિડતા પણ બેહદ છે અથવા અસીમ છે, સીમા નથી એટલું. એટલું જ્ઞાનઘન પુરુષાકારે એટલે શરીરાકારે છતાં શરીર, કર્મ, ભાવકર્મ; શરીર, કર્મ, ભાવકર્મ અને શુદ્ધપર્યાયથી પણ ઊંડું. કેમકે શુદ્ધપર્યાય પણ ઉત્પાદ-વ્યય છે, અહીંયાં પારિણામિકભાવ લેવો છે. એટલે શુદ્ધપર્યાય નિરપેક્ષ એમ લેવું.

**'શુદ્ધપર્યાય સે ભી ઊંડા ચૈતન્ય તત્ત્વ 'મૈં' હૂં,...'** એ પારિણામિકભાવ અથવા મૂળ ધ્રુવ સ્વભાવ. **'ચૈતન્ય તત્ત્વ 'મૈં' હૂં, યહ હી મેરા અસ્તિત્વ હૈ,...'** આ મારી હયાતી, મારો અસ્તિત્વ ગુણ, હું, મારી અસ્તિત્વ શક્તિ અહીંયાં છે એટલે આ મારું અસ્તિત્વ છે. **'શુદ્ધપર્યાય કા અસ્તિત્વ ભી ઇસમેં ગૌણ હૈ;...'** ભલે અસ્તિત્વ અનુભવાય છે શુદ્ધપર્યાયમાં, મોજૂદગીનો અનુભવ થાય છે શુદ્ધપર્યાયમાં પણ ઇ ગૌણ છે. શુદ્ધપર્યાયનું અસ્તિત્વ પણ એમાં ગૌણ છે. **'ઐસી પ્રથમ યથાર્થ શ્રદ્ધા જબ હી કહી જાતી હૈ...'** એવું પોતાનું અસ્તિત્વ જે ગ્રહણ કરે છે તે શ્રદ્ધા કરે છે, શ્રદ્ધાનું કાર્ય અસ્તિત્વ ગ્રહણ કરવાનું છે. એવી પ્રથમ યથાર્થ શ્રદ્ધા ત્યારે જ કહેવાય છે કે જ્યારે **'ઐસી શ્રદ્ધા કે પ્રસાર કે સાથ હી લીનતા કા પ્રથમ આત્માનુભવ હોતા હૈ.'** એવો શ્રદ્ધાગુણ પ્રસરી ગયો, પરિણમનમાં પ્રદેશે પ્રદેશે શ્રદ્ધા પ્રસરી ગઈ, વ્યાપી ગઈ એ ક્યારે નક્કી કરવી ? કારણકે શ્રદ્ધા સીધી નહીં પકડાય, (શ્રદ્ધામાં) સાથે અવિનાભાવી લીનતા થાય જ છે. **'પ્રસાર કે સાથ હી લીનતા કા પ્રથમ આત્માનુભવ હોતા હૈ.'** ત્યારે શ્રદ્ધા સવળી થઈ એમ પાકું થયું. કેમ ? કે અનુભવમાં આવ્યો તેવો જ હું છું એવી નિર્વિકલ્પ પ્રતીતિનો ભાવ છે. એવી જે નિર્વિકલ્પ પ્રતીતિ, ઇ લીનતા થઈ હોય તો થઈ છે એમ માનવું. લીનતા ન થઈ હોય તો થઈ છે, એમ માનવું નહિ. એમ કહે છે. અવિનાભાવી લીનતા થવી જોઈએ. ભલે એ ચારિત્રની પર્યાય છે તોપણ.

પ્રશ્ન :- આ શ્રદ્ધાનો પુરુષાર્થ થયો ?

સમાધાન :- હા, શ્રદ્ધાનો પણ થયો અને લીનતાનો પણ થયો અને અનુભવનો પણ થયો. શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી મોક્ષમાર્ગ શરૂ થયો ને ? એટલે ત્રણેયનો પુરુષાર્થ થયો. શ્રદ્ધા પ્રધાન ગુણસ્થાન હોવાથી એને શ્રદ્ધાનો પુરુષાર્થ કહીએ. ચારિત્ર અહીંયાં જઘન્યભાવે હોવાથી એને ચારિત્રનો પુરુષાર્થ કહેવાતો નથી પણ ચારિત્રનો પુરુષાર્થ છે ખરો કેમકે લીનતા થઈ માટે, ચારિત્ર પ્રગટ્યું માટે. એમ.

મુમુક્ષુ :- આમ બન્યું તો સહજ પુરુષાર્થ થાય તે થયો બરાબર ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રયોગમાં ભેદજ્ઞાન થતાં સહેજે લીનતા થઈ ગઈ. લીનતા થઈ એમાં સ્વસંવેદન થયું જ્ઞાનનો – આત્માનો સ્વાદ આવ્યો અને શ્રદ્ધા એ વખતે સમ્યક્ પરિણમી. ત્રણેય ગુણનું કાર્ય એક જ કાળે થઈ ગયું, વારફરતી નથી થતું.

**'અખંડ જ્ઞાનઘન પુરુષાકાર (દેહાકાર) શરીર, કર્મ, ભાવકર્મ વ શુદ્ધપર્યાય સે ભી ઊંડા ચૈતન્ય તત્ત્વ 'મૈં'**

**હૂં, યહ હી મેરા અસ્તિત્વ હૈ, શુદ્ધપર્યાય કા અસ્તિત્વ ભી ઇસમેં ગૌણ હૈ; ઐસી પ્રથમ યથાર્થ શ્રદ્ધા જબ હી કહી જાતી હૈ કિ ઐસી શ્રદ્ધા કે પ્રસાર કે સાથ હી લીનતા કા પ્રથમ આત્માનુભવ હોતા હૈ.'** અનુભવ પણ થાય છે અને મારા સ્વરૂપમાં મારી એકાગ્રતા અને લીનતા વર્તતી હતી એમ પણ પરિણામનું બરાબર લીનતાનું પણ જ્ઞાન થાય છે અને ત્યારે પ્રતીતિ (પણ થઈ કે) જેવો જણાણો તેવો જ હું છું એવું પણ પરિણમન થયું એમ પ્રતીતિ પણ જ્ઞાનમાં આવે છે. એટલે જ્ઞાનમાં જ્ઞાન પણ આવે છે, જ્ઞાનમાં પ્રતીતિ પણ આવે છે, જ્ઞાનમાં લીનતાનું પણ જ્ઞાન આવે છે, જ્ઞાનમાં પુરુષાર્થનું પણ જ્ઞાન આવે છે અને જ્ઞાનમાં આનંદનું પણ જ્ઞાન આવે છે. પાંચેય મુખ્ય ગુણ આવી ગયા.

આવા પાંચેયના સ્વભાવ જુદાં જુદાં છે. પ્રતીતિનું લક્ષણ જુદું કે જાણ્યો તેવો જ હું છું, આનંદનું ઉલ્લાસરૂપ લક્ષણ જુદું, લીનતાનું એકાગ્રતારૂપ લક્ષણ જુદું, જ્ઞાનનું વેદનરૂપ લક્ષણ જુદું. આવા પાંચ ભેદ હોવા છતાં ત્યાં પાંચનો વિકલ્પ ઉઠતો નથી. અભેદજ્ઞાન થાય છે. લાડવાનું બટકું ખાધું તો કે ગળપણ પણ હતું, ઘીનો પણ સ્વાદ હતો, લોટનો પણ સ્વાદ હતો. ત્રણનો સ્વાદ (આવ્યો) તો ત્રણનો વિકલ્પ ન થયો પણ સ્વાદ ત્રણેયનો જ્ઞાનમાં આવી ગયો. એક અભેદ સ્વાદમાં ત્રણેય ભેદનું જ્ઞાન થઈ ગયું એની અંદર કે ગળપણ જુદું, ઘી જુદું ને લોટ જુદો, ઘઉં જુદાં. વિકલ્પ ઉઠાવવાની જરૂર નથી પડતી. એમ નિર્વિકલ્પ અનુભવમાં પાંચનો સ્વાદ હોવા છતાં, પાંચ તો સમજાય એવા છે પણ અનંત ગુણનો સ્વાદ હોવા છતાં વિકલ્પ ઉઠાવવાની, વિકલ્પમાં પડવાની જરૂર નથી. વિકલ્પ નથી ઊઠતો.

પ્રશ્ન :- આ જે થયું તો વૃદ્ધિમાં પણ આ જ રીત ? પુરુષાર્થની જે વૃદ્ધિ થાય એમાં પણ આ જ રીત ?

સમાધાન :- આ જ પ્રકાર છે.

પ્રશ્ન :- અને પૂર્ણતા થાય ?

સમાધાન :- ઇ આ જ રીતે. આ જ રીતે. એટલે તો જ્ઞાનીને ઈ વખતે થઈ જાય છે કે જો મારું પૂર્ણપદ મને અનુભવગોચર થાય છે અને આ પ્રકારના પુરુષાર્થથી અંદરમાં લીનતા થઈને અનુભવગોચર થાય છે તો આ જ સ્થિતિની વૃદ્ધિ તે જ મુનિપણું છે અને આ સ્થિતિની પૂર્ણતા તે પરમેશ્વરપદ છે, અરિહંતપદ અને સિદ્ધપદ છે. તો હવે વેપાર કરતા તો આવડ્યો, હવે તો વેપાર વધારવાની જ વાત છે. ખરીદ કરતા આવડ્યું, વેચતા આવડ્યું હવે તો એનું Volume વધારવાની વાત છે, બીજું કાંઈ નથી. ચીજ તો ઇની ઇ જ છે. ઇની ઇ ચીજ લાવવાની છે, ઇની ઇ ચીજ વેચવાની છે, જે પહેલા પાંચ તાકા લાવતો હતો હવે પાંચ ગાંસડી લાવશે અને પછી પાંચસો ગાંસડી લાવશે, વાત બીજી કાંઈ નથી.

પ્રશ્ન :- લીનતા અને જ્ઞાનનો અનુભવ, એ બેમાં ફેર શું છે ? જે આ પાંચ બતાવ્યા એમાં.

સમાધાન :- અનુભવમાં વેદન – સ્વસંવેદન છે અને લીનતામાં એકાગ્રતા છે. એકાગ્રતાને લીનતા કહેવામાં આવે છે અને વેદન છે, સ્વસંવેદન છે, જેમાં આસ્વાદ આવે છે જ્ઞાનમાં, જ્ઞાનને જ્ઞાનના વેદનનો (આસ્વાદ આવે છે) એ જ્ઞાનનું કાર્ય છે. એ જ્ઞાનગુણ છે, આ ચારિત્રગુણ છે. પછી વેપાર કેવી રીતે વધારવો ઇ કાંઈ શીખવું પડે એવું છે ? તમે એક વેગન મીઠાનું મોકલો કે આખી રેક મોકલો કે એવી દસ રેક મોકલો કે સો રેક મોકલો, વેપાર કેમ વધારવો ઇ કાંઈ શીખડાવવાની જરૂર નથી.

મુમુક્ષુ :- કળ હાથમાં આવી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- કળ હાથમાં આવી ગઈ. જેવી આ કળ હાથમાં આવે પછી છલાંગ મારે.

શું કહે છે ? કે, (શ્રદ્ધા કે) **'પ્રસાર કે સાથ...'** શ્રદ્ધાના પ્રસારની સાથે સાથે લીનતાનો પણ પ્રથમ આત્માનુભવ થાય છે. એટલે જ્ઞાનમાં તો બધું જણાય છે શ્રદ્ધા, લીનતા, આનંદ વગેરે. **'લીનતા કા પુરુષાર્થ અથવા ઇસમેં વૃદ્ધિ યહ સબ પર્યાય કે કાર્ય હૈં.'** હવે શું કહે છે કે આવી વાત કરી પણ આને ગૌણ રાખજો. આ બધી અધ્યાત્મની વાતો છે પણ ઇ બધી પર્યાયની વાતો છે, મુખ્ય કરવા જેવી નથી. ક્યાં લાલબત્તી મૂકે

છે ? **આ વિષયમાં એમની શૈલી બહુ સરસ છે. દૃષ્ટિ પ્રધાનશૈલી છે ને ! એટલે એવી શૈલી ન આવે.** પછી અધ્યાત્મ ને જ્ઞાનની વાતો કરી એટલે સાંભળનારને એમ થઈ જાય કે આવી અધ્યાત્મ પર્યાય ! આહા ! આવી અધ્યાત્મ પર્યાય ! આવી અધ્યાત્મ પર્યાય ! એમ પર્યાયની મુખ્યતા વધવા મંડે. ઇ નથી કરવા દેતા. એમની શૈલીમાં મુખ્ય વાત ઇ છે કે એવી ભૂલ કોઈ કરે તો ન કરવા દ્યે.

**'લીનતા કા પુરુષાર્થ અથવા ઇસમેં વૃદ્ધિ યહ સબ પર્યાય કે કાર્ય હૈં. મેરાપના, મેરા અસ્તિત્વપના અથવા વ્યાપકપના તો કેવલ ત્રિકાલી જ્ઞાનઘન અખંડ ચૈતન્ય મેં હૈ.'** મારાપણું, મારું અસ્તિત્વપણું અને વ્યાપકપણું તો કેવળ ત્રિકાળી જ્ઞાનઘન અખંડ ચૈતન્ય જે ધ્રુવ ચૈતન્ય છે એમાં જ છે. એટલે પર્યાયને મુખ્ય નહીં કરતા એમ કહે છે. એ તો બધા પર્યાયના કાર્ય છે. ઠીક છે, થાય, અનુભવ થાય, લીનતા થાય, પુરુષાર્થ થાય. થાય એ તો પર્યાયનું કાર્ય તો પર્યાયમાં થાય. મારું અસ્તિત્વ ત્યાં નથી, મારું અસ્તિત્વ ત્રિકાળીમાં છે એમ કહે છે.

પ્રશ્ન :- વ્યાપકપણું પણ પર્યાયમાં નથી એમ લેવું ને ?

સમાધાન :- હા એમ છે. શ્રદ્ધા છે ને સ્વીકારતી નથી. શ્રદ્ધા એક સમયની કેવળજ્ઞાનની ને પરમાનંદની પર્યાયને (સ્વીકારતી નથી). એનો વિષય જ નથી. સ્વીકારતી નથી એટલે સ્વીકાર કરવું ઇ એનો ગુણ છે પણ ઇ એકલા ધ્રુવને જ સ્વીકારે છે. એનો અર્થ કે આને સ્વીકારતી નથી. ખરેખર તો એ ધ્રુવને એવી રીતે સ્વીકારે છે કે ધ્રુવને સ્વીકારનારી અરિહંતદેવની શ્રદ્ધાની પર્યાય, અરિહંતદેવની શ્રદ્ધાની પર્યાય, જ્યારે કેવળજ્ઞાન એમને પહેલું વહેલું પ્રગટ્યું ત્યારે અને પરમાનંદ પ્રગટ્યો ત્યારે એ વખતે જે શ્રદ્ધાનું પરિણમન (થયું એ) તો ચોથા ગુણસ્થાનથી ચાલુ છે, તો એ વખતે જે શ્રદ્ધાનું પરિણમન છે એમાં બાજુમાં કેવળજ્ઞાન અને પરમાનંદ થયો કે નથી થયો ઇ એને કાંઈ લેવાદેવા નથી. હોવા કે નહીં હોવા સાથે કાંઈ એને લેવાદેવા નથી. સ્વીકારતી નથી એનો અર્થ એ છે કે છે ને નિષેધ કરે છે એમ નથી, એનો એ વિષય જ, નથી. એટલે ઇ છે કે નથી એની સાથે એને કાંઈ સંબંધ જ નથી. હોવા નહીં હોવાથી શ્રદ્ધાનું પરિણમન નિરપેક્ષ છે. કેમકે ઇ એક જ હોવાપણું સ્વીકારે છે. એનું કાર્ય હોવાપણું સ્વીકારવાનું છે ને ઇ ધ્રુવનું હોવાપણું સ્વીકારે છે. પછી બીજું જગતમા કાંઈ છે કે નહીં ? એ કાંઈ નહીં. તો કે 'બ્રહ્મ સત્ય જગત મિથ્યા' જાવ ! ઇ અહીંથી નીકળ્યું છે દ્રવ્યદૃષ્ટિમાંથી નીકળ્યું છે. સાંખ્યનું છે ને વચન ? એટલે એ મત સમ્યક્દર્શનમાંથી નીકળ્યો છે. 'બ્રહ્મ સત્ય જગત મિથ્યા' એ અહીંથી નીકળ્યું છે. મને લાગ્યું હતું કે ભારે પકડ્યું છે આણે. સમ્યક્દર્શનમાંથી સાંખ્ય નીકળ્યો છે ઇ ભારે પકડ્યું છે. કેમકે સમ્યક્દર્શનનો વિષય જ એટલો છે કે ત્રિકાળી ધ્રુવ બસ ! ખલાસ. જોડે રહેલી કેવળજ્ઞાનની પર્યાય હોવું, નહીં હોવું એની સાથે એને કાંઈ લેવાદેવા, સંબંધ કાંઈ નથી. એને - શ્રદ્ધા ગુણને પોતાનો પરમાત્મા મળી ગયો અને એ પૂર્ણપણે કૃતકૃત્ય થઈ ગઈ, અધૂરી રહેતી નથી. હવે જે પોતાને પૂર્ણ મળ્યું અને પોતે પૂર્ણ થઈ એને બીજાની સાથે પડપૂછ શું ?

મુમુક્ષુ :- શ્રદ્ધાની પર્યાયનું પરિણમન હોવા છતાં ધ્રુવવત થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- એક ન્યાયે ઇ પોતે ધ્રુવવત થઈ ગઈ.

મુમુક્ષુ :- આવો સ્વીકાર આવે ત્યારે આવું પરિણમન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- શ્રદ્ધા તો એનું નામ સમ્યક્ શ્રદ્ધા છે. એનું નામ સમ્યક્ શ્રદ્ધા છે પછી જ્ઞાન સમ્યક્ થાશે. ઇ નહીં હોય તો જ્ઞાનનું ઠેકાણું નહીં રહે, આચરણનું ઠેકાણું નહીં રહે, પુરુષાર્થનું ઠેકાણું નહીં રહે અને દુઃખી દુઃખી થઈ જશે, સુખી નહીં થાય. આ સીધી વાત છે.

મુમુક્ષુ :- એટલે સમ્યગ્દર્શનની આવી મહાનતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- છે જ. બહુ બહુ મોટી વાત છે, ઇ બહુ મોટી વાત છે. જે સમ્યક્શ્રદ્ધા થાય છે

એ બહુ મોટી વાત છે. એટલે તો જૈનદર્શનમાં એની પ્રધાનતા ઠામઠામ વર્ણવી છે એનું કારણ એ છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'એ આ એક જ વાત કરી છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- પિસ્તાલીસ વર્ષ સુધી એમણે એક વાત કરી છે. શ્રદ્ધા શું ચીજ છે ઇ સમજો, સમ્યગ્દર્શન શું ચીજ છે ઇ તમે સમજો. નહીંતર બાકી બધું તમારું નકામું જાવાનું છે. વ્રત પણ બાળ વ્રત છે અને તપ પણ બાળ તપ છે ને જ્ઞાન અજ્ઞાન છે, વિપરીત છે. અજ્ઞાન છે એટલે વિપરીત છે.

શું કહે છે ? **'મેરાપના, મેરા અસ્તિત્વપના અથવા વ્યાપકપના તો કેવલ ત્રિકાલી જ્ઞાનઘન અખંડ ચૈતન્ય મેં હૈ, ઇસ દૃષ્ટિ મેં પર્યાય કા પુરુષાર્થ સહજ સ્વભાવ હૈ.'** જ્યાં દૃષ્ટિ થઈ કે મારું અસ્તિત્વ અહીંયાં અખંડ ત્રિકાળી જ્ઞાનઘનમાં છે (ત્યાં) વીર્યગુણમાંથી પર્યાયમાં પુરુષાર્થ ઉછળીને બહાર આવવો ઇ તો એનો સહજ સ્વભાવ છે. પુરુષાર્થ સામું શું જુઓ છો અને શું પ્રશ્ન કરો છો પુરુષાર્થનો ? પુરુષાર્થ કરવો પડતો નથી પુરુષાર્થ થઈ જાય છે એમ કહેવું છે. સહજ સ્વભાવ છે. આ એક સૂત્ર જેવી વાત એમણે નાખી છે.

**'મેરાપના, મેરા અસ્તિત્વપના અથવા વ્યાપકપના તો કેવલ ત્રિકાલી જ્ઞાનઘન અખંડ ચૈતન્ય મેં હૈ - ઇસ દૃષ્ટિ મેં પર્યાય કા પુરુષાર્થ સહજ સ્વભાવ હૈ.'** આ દૃષ્ટિમાં પર્યાયમાં પુરુષાર્થ ઉત્પન્ન થવો, ચાલુ થવો, વૃદ્ધિ થવી (એ) સહજ સ્વભાવ છે, એ તો Automization છે. Automatic થવાનો. એમાં કાંઈ કરવા-ફરવાની જરૂર નથી ઇ તો બધું Automatic ગોઠવાયેલું જ છે. વસ્તુનું વિજ્ઞાન છે. દૃષ્ટિનું કાર્ય થવું જોઈએ બસ ! એક જ વાત છે.

જુઓ ! ધ્યાન ખેંચવા જેવી બે વાત આવી. વિશેષ ચર્ચા પછી કરશું પણ Point તો લઈ લઈએ પછી કાલે વિશેષ લઈશું. ઉપર એમ કહ્યું કે, યથાર્થ સમજણમાં ભવિષ્યનો પુરુષાર્થ ગર્ભિત છે. અહીંયાં એમ કહ્યું કે આ દૃષ્ટિમાં પર્યાયનો પુરુષાર્થ સહજ સ્વભાવ છે. એક જગ્યાએ જ્ઞાન નાખ્યું ને એક જગ્યાએ દૃષ્ટિ નાખી. લખ્યું ને ? છે ને, ફેર પડે છે કે નહીં ? આ, આ વિચારવા જેવો વિષય છે કે આમ કેમ કહે છે ? ઉપર જ્ઞાન કહે છે ને નીચે શ્રદ્ધા કહે છે. કાલે લઈશું...

## અપની તો યહી 'દૃષ્ટિપ્રધાન' શૈલી હૈ,

'સોગાની'ની દૃષ્ટિનું જોર દ્રવ્ય ઉપર બહુ હતું ! બે ઠેકાણે લખે છે કે નહિ ? આ અમારી પદ્ધતિ - દ્રવ્યપ્રધાન કથન છે. શરૂઆતમાં છે. છે ને ! એ છે ક્યાંક. (પહેલે પાને ચર્ચામાં) જુઓ ! **'અપની તો યહી દૃષ્ટિપ્રધાન શૈલી હૈ.'** ઇ શૈલી. એને કંઈ ઉપદેશ કરવો નહોતો. એને કંઈ દુનિયામાં રાજી થાય ને સભા ભરાય ને એવું કાંઈ નહોતું. છે ને ? પ્રશ્ન છે કે **'આપ શુદ્ધ પર્યાય કો દૃષ્ટિ કી અપેક્ષા સે ભિન્ન કહતે હૈં યા જ્ઞાન કી અપેક્ષા સે ? ઉત્તર :- દૃષ્ટિ કી અપેક્ષા સે ભિન્ન કહતે હૈં; જ્ઞાન કી અપેક્ષા સે નહિ.'** ક્યોંકિ, જ્ઞાન જાણે છે, એમ (કહેવું છે). દૃષ્ટિમાં ભેદ નથી ને ! **'દૃષ્ટિ કરને કે પ્રયોજન મેં ભિન્નતા કા જોર દિયે બિના દૃષ્ટિ અભેદ નહીં હોતી. ઇસીલિયે દૃષ્ટિ કી અપેક્ષા સે હી ભિન્ન કહતે હૈં. ઔર અપની તો યહી 'દૃષ્ટિપ્રધાન' શૈલી હૈ, સો ઐસે હી કહતે હૈં.'**

(બીજું) ૪૩૫ છે. ૪૩૫ (બોલમાં) હોં ! **'(મુજે) દ્રવ્ય કા બહુત પક્ષ હો ગયા હૈ...'** (એટલે કે) અમારું લક્ષ - વધારે જોર ત્યાં છે એમ. **'ઇસલિયે કથનમેં દ્રવ્ય સે (દ્રવ્ય કી પ્રધાનતા સે) હી સબ બાતેં આતી હૈં.'** બે ઠેકાણે આવ્યું ને ! (બોલ) ૨જો અને આ ૪૩૫. ઇ તો યથાર્થ છે.

('શ્રી સમાધિતંત્ર' શ્લોક-૭૮, તા. ૧૭-૭-૭૫, પ્ર.-૯૨, ૨૫:૨૦ મિનિટે)

કારણની કચાશે કાર્યની કચાશ છે. પૂરું કારણ ન અપાય ત્યાં સુધી કાર્ય આવતું નથી. કારણ ન અપાય ત્યાં સુધી તેની ભાવના કરવી, ભેદજ્ઞાનની ધારાનો અભ્યાસ કરવો, નિર્વિકલ્પ આત્મા છે, તેની દૃષ્ટિ (રુચિ) કરવી, કારણ પૂરું ન અપાય ત્યાં સુધી કાર્ય ન આવે, એવો સિદ્ધાન્ત છે. ન થાય તો સમજવું કે કારણ ઓછું છે, માટે કાર્ય નથી આવતું. તેથી કારણની તીવ્રતા કરવી, તેનો અભ્યાસ ક્ષણે ક્ષણે કરવો તે જ કરવાનું છે.

મુમુક્ષુ :- ક્ષણે ક્ષણે અભ્યાસ થતો નથી.

બહેનશ્રી :- પણ તે થાય ક્યાંથી ? વિભાવનો અભ્યાસ સહજ થઈ ગયો છે, ક્ષણે ક્ષણે વિભાવની સ્મૃતિ આવે છે, એટલે અહીં કારણ ઓછું છે તો કાર્ય ક્યાંથી આવે ? બાકી તો પોતે જ છે, કાંઈ બીજો નથી ને બહાર લેવા જવાનું નથી. અંદરમાં પોતે જતો નથી, પોતાના ઉપર દૃષ્ટિ કરતો નથી. માત્ર વિચાર કરે, ભાવના કરે અને પાછું છૂટી જાય. કારણ આપતો નથી માટે કાર્ય આવતું નથી. કારણ પૂરું આપે તો કાર્ય જલદી આવે, કારણ ઓછું આપે છે એટલે વાર લાગે છે. જેટલી વાર લાગે છે તે કારણની કચાશ છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૭૯)**

❉

પ્રશ્ન :- અનુભવજ્ઞાનથી નિવેડો છે. તો કોઈને અનુભવ થયો હોય અને તેણે શાસ્ત્ર ન જાણ્યાં હોય તો પણ ચાલે ?

સમાધાન :- અનુભવ જ્ઞાનમાં શાસ્ત્ર આવી જાય છે. શાસ્ત્રનું જે રહસ્ય છે તે અનુભૂતિમાં આવી જાય છે. છતાં વચ્ચે શાસ્ત્ર જાણ્યાં હોય તો નુકસાનભૂત નથી. તેને કદાચ શાસ્ત્રના વિશેષ શબ્દો ન આવડતા હોય, તો પણ તેમાં શાસ્ત્રનું રહસ્ય આવી જાય છે. શાસ્ત્રમાં કહે છે કે દ્રવ્યદૃષ્ટિ કર, ભેદજ્ઞાન કર, ને અનુભૂતિ કર. તો અનુભૂતિ જેને થઈ ગઈ તેને જાણવાનું રહસ્ય તેમાં આવી ગયું, કારણ કે તેને ભેદજ્ઞાન દ્વારા-દ્રવ્યદૃષ્ટિ દ્વારા જ અનુભૂતિ થાય છે. શાસ્ત્ર જાણવાનું પ્રયોજન પણ તેમાં આવી જાય છે. ભગવાનની દિવ્યધ્વનિમાં મુક્તિમાર્ગ આવે છે, તો પોતાની અનુભૂતિ થઈ તેમાં બધું આવી જાય છે. જ્ઞાયક સ્વભાવને ઓળખવાથી અનુભૂતિ થતાં શાસ્ત્રોનું રહસ્ય તેમાં આવી જાય છે. યુક્તિ, આગમ, અનુભવ-બધું ભેગું તેમાં આવી જાય છે. શિવભૂતિ મુનિ કાંઈ જાણતા ન હતા. ગુરુએ કહ્યું 'તુષમાસ ભિન્ન' તે પણ ભૂલી ગયા. ત્યાં કોઈ બાઈ દાળ-ફોતરાં જુદાં કરતી હતી તેમાંથી ભેદજ્ઞાનનો આશય ગ્રહણ કરી લીધો ને અંદર જ્ઞાયકમાં ચડી ગયા તો અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થયું. તેમણે અર્થ ગ્રહણ કરી લીધો, ગુરુએ કહ્યું તેનું રહસ્ય ગ્રહણ કરી લીધું તેમાં શાસ્ત્ર આવી ગયાં. **(સ્વાનુભૂતિદર્શન-૨૮૦)**

❉

પ્રશ્ન :- જ્ઞાયક જ્ઞાનથી ગ્રહણ થાય-પકડાય એ શું બરાબર છે ?

સમાધાન :- પોતે પોતાને જાણતો નથી એટલે અસાધારણ ગુણથી ગુણી પકડાય છે એમ કહેવાય છે, પણ ગુણથી ગુણી પકડાય તે પણ ભેદ છે. ગુણીને પોતે સીધો પકડવો જોઈએ. જે અનાદિથી અજાણ્યો છે તે ગુણી ગુણના ભેદથી પકડાય તેમ કહેવાય છે, પરંતુ વિશેષ ગુણ નથી પકડવો, પકડવો છે ગુણીને, દ્રવ્યને પકડવાનું છે તેમાં વચ્ચે ગુણ-લક્ષણ આવે છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૮૧)**

❉

પ્રશ્ન :- આત્મા આખો અરૂપી એક ઘન પદાર્થ છે એવું શું ખ્યાલમાં આવે ?

સમાધાન :- આત્મા અરૂપી હોવા છતાં એક વસ્તુ છે કે જેમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ નથી. ઘન એટલે દ્રવ્યરૂપે આખો ઘન છે, છતાં તેમાં અનંત ગુણો અને અનંત પર્યાય છે. ઘન એઠલે કાંઈ ગુણો કે પર્યાયો નથી એવી જાતનો તે નથી. ઘન કહેતાં તે અનંત ગુણથી ભરેલો અભેદ છે, તેમાં કોઈ જાતના ભેદ નથી. આ બધું સ્વાનુભૂતિ થતાં તેને વેદનમાં આવે છે, તેનો ઘનરૂપે અભેદ ભાવ અને ગુણ-પર્યાયના ભેદો વગેરે બધું તેના જ્ઞાનમાં આવી જાય છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ થતાં અભેદ અને ભેદ બધું જાણવામાં આવી જાય છે. પહેલાં લક્ષણથી ઓળખે, પછી લક્ષણથી શ્રદ્ધા કરે અને સ્વાનુભૂતિ થતાં વેદનમાં બધું આવી જાય છે. નિર્વિકલ્પદશા થતાં વેદનમાં બધું આવી જાય છે કે આ ચૈતન્ય પદાર્થ કેવો છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૮૨)**

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

પ્રશ્ન :– સ્વાધ્યાય વધારે કરવો કે મંથન વધારે કરવું ?

સમાધાન :– જેમાં રસ પડે તે કરવું. ચિંતવનમાં ઉપયોગ ટકે નહિ તો સ્વાધ્યાય કરવી અને વિશેષ સમજવા માટે ચિંતવન કરે, ગમે તે કરે, શાસ્ત્ર સમજણપૂર્વક વાંચે તો તેમાં ભેગું આવી જાય છે. એકલું-એકલું ચિંતવન ઝાઝીવાર ચાલે નહિ તો શાસ્ત્ર સાથે રાખવું. શાસ્ત્ર સાથે રાખવાથી ચિંતવન વધારે દ્રઢ થાય છે. આત્માને લગતું ગમે તે કરે. જ્યાં રસ ટકે, પોતાની પરિણતિ ટકે તે કરવું. પોતાને રસ લાગે તે કરવાનું છે. એકદમ ધ્યાનનો પ્રયત્ન કરવાથી સ્વાનુભૂતિ થતી નથી, પહેલાં જ્ઞાન કરે પછી સાચું ધ્યાન હોય. પહેલાં જ્ઞાયકતા ઓળખાય અને પછી ક્ષણે ક્ષણે હું જુદો છું, હું જુદો છું એમ જ્ઞાયક ઉપર દૃષ્ટિ જામે તો સ્વાનુભૂતિ થાય. અંતરદૃષ્ટિ જામ્યા વગર સ્વાનુભૂતિ કોના આધારે પ્રગટ થાય ? પહેલાં દૃષ્ટિ જ્ઞાયકમાં સ્થાપવી જોઈએ. **(સ્વાનુભૂતિદર્શન-૨૭૬)**

❈

પ્રશ્ન :– પહેલાં શ્રદ્ધામાં આ વાત બેસાડતા જવી જોઈએ ?

સમાધાન :– પહેલાં બુદ્ધિપૂર્વક શ્રદ્ધામાં બેસાડે કે હું આ ચૈતન્ય છું, હું આ જાણનારો જ્ઞાયક છું. હું જાણનારું એક તત્ત્વ છું. જગતનાં આ બધાં તત્ત્વો છે તેમાં હું શાશ્વત શુદ્ધાત્મતત્ત્વ છું. મારામાં કોઈ કલંક નથી, મેલ નથી એવો હું શુદ્ધાત્મા છું. અનંતકાળ ગયો તો પણ હું સ્ફટિકરત્ન જેવો નિર્મળ છું. પછી દૃષ્ટિ પોતાના તત્ત્વને ઓળખીને જામી જાય, તો નિર્વિકલ્પતા પ્રગટ થાય. સ્ફટિકમાં જેમ લાલ-પીળા રંગો દેખાય તે બધા ઉપર ઉપરના છે, તેમ મારામાં બધા વિભાવો થાય તે મૂળ સ્વભાવમાં નથી. હું સ્ફટિક જેવો નિર્મળ છું.

પાણીમાં જે મલિનતા હોય તે, નિર્મળી ઔષધિથી દૂર થાય છે તેમ જ્ઞાનરૂપી સમ્યક્ ઔષધિથી રાગાદિ મલિનતા દૂર થાય છે. આ તો દૃષ્ટાંત આપ્યું, તેમ પોતાને જુદો પાડવા પ્રયત્ન કરે, તેના માટે ચિંતવન કરે, શાસ્ત્ર-સ્વાધ્યાય કરે, શુભભાવ અનેક જાતના આવે છે, પણ સ્વભાવ જાણવાનું વિશેષ નિમિત્ત સ્વાધ્યાય અને ચિંતવન છે.



ઝાઝીવાર ચિંતવન અને શાસ્ત્ર-સ્વાધ્યાય થાય નહિ તેથી જિનેન્દ્રદેવની મહિમા પોતાને આવે અને તેમાં પણ રોકાય, પરંતુ તેની સાથે સાચું જ્ઞાન હોવું જોઈએ. જ્ઞાનપૂર્વક મહિમા હોવી જોઈએ. **(સ્વાનુભૂતિદર્શન-૨૭૭)**

❈

પ્રશ્ન :– જીવનના કર્તવ્ય સંબંધી થોડું ફરમાવવા કૃપા કરશોજી ?

સમાધાન :– આત્મા આનંદનો સાગર છે તેને ગ્રહણ કરવાથી આનંદનો સાગર પ્રગટે છે. તેને ગ્રહણ કરવા માટે નિરંતર ક્ષણે-ક્ષણે અભ્યાસ કરે, તો અંતરમાંથી આનંદનો સાગર પ્રગટે. તે કાંઈ દૂર નથી-ક્યાંય ગોતવા જવું પડે તેમ નથી પોતાની પાસે જ છે. આ બધા ઉપરથી દૃષ્ટિ પાછી ખેંચીને પોતામાં દૃષ્ટિ કરે તો પ્રગટે. આ બાહ્ય દૃષ્ટિ ઉઠાવીને અર્થાત્ સ્થૂલ પદાર્થો ઉપરથી, શુભભાવો ઉપરથી ને ક્ષણિક ભાવો ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને અંતરમાં આનંદનો સાગર આખો છે તે સાગરમાં, કે જેમાં અનંતગુણ-રત્નાકર ભર્યા છે તેમાં, જાય તો આનંદનો સાગર પ્રગટે એવું છે. તે કરવાનું છે. પોતાના પુરુષાર્થની ખામીને લઈને પોતે અટકે છે, માટે નિરંતર દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખીને નિરંતર તેનો જ એક અભ્યાસ જીવનમાં હો, બીજું કાંઈ ન હો, એવી ભાવના રાખવી. એક જ્ઞાયકનો અભ્યાસ અને દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા તે જીવનનું કર્તવ્ય છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૭૮)**

❈

પ્રશ્ન :– કાર્ય કેમ નથી આવતું ?

સમાધાન :– કારણ આપે એટલું કાર્ય આવે.

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૧૯ ઉપર)**

**૫૨૫**




મુંબઈ, ભાદરવા સુદ ૧૦, રવિ, ૧૯૫૦

આ આત્મભાવ છે, અને આ અન્યભાવ છે, એવું બોધબીજ આત્માને વિષે પરિણમિત થવાથી અન્યભાવને વિષે સહેજે ઉદાસીનતા ઉત્પન્ન થાય છે, અને તે ઉદાસીનતા અનુક્રમે તે અન્યભાવથી સર્વથા મુક્તપણું કરે છે. નિજપરભાવ જેણે જાણ્યો છે એવા જ્ઞાનીપુરુષને ત્યારે પછી પરભાવનાં કાર્યનો જે કંઈ પ્રસંગ રહે છે, તે પ્રસંગમાં પ્રવર્તતાં પ્રવર્તતાં પણ તેથી તે જ્ઞાનીનો સંબંધ છૂટ્યા કરે છે, પણ તેમાં હિતબુદ્ધિ થઈ પ્રતિબંધ થતો નથી.

પ્રતિબંધ થતો નથી એ વાત એકાંત નથી, કેમ કે જ્ઞાનનું વિશેષ બળવાનપણું જ્યાં હોય નહીં, ત્યાં પરભાવનો વિશેષ પરિચય તે પ્રતિબંધરૂપ થઈ આવવો પણ સંભવે છે; અને તેટલા માટે પણ જ્ઞાનીપુરુષને પણ શ્રી જિને નિજજ્ઞાનના પરિચય-પુરુષાર્થને વખાણ્યો છે; તેને પણ પ્રમાદ કર્ત્તવ્ય નથી, અથવા પરભાવનો પરિચય કરવા યોગ્ય નથી, કેમકે કોઈ અંશે પણ આત્મધારાને તે પ્રતિબંધરૂપ કહેવા યોગ્ય છે.

જ્ઞાનીને પ્રમાદબુદ્ધિ સંભવતી નથી, એમ જોકે સામાન્ય પદે શ્રી જિનાદિ મહાત્માઓએ કહ્યું છે, તોપણ તે પદ ચોથે ગુણઠાણેથી સંભવિત ગણ્યું નથી; આગળ જતાં સંભવિત ગણ્યું છે; જેથી વિચારવાન જીવને તો અવશ્ય કર્તવ્ય છે કે, જેમ બને તેમ પરભાવના પરિચિત કાર્યથી દૂર રહેવું, નિવૃત્ત થવું. ઘણું કરીને વિચારવાન જીવને તો એ જ બુદ્ધિ રહે છે, તથાપિ કોઈ પ્રારબ્ધવશાત્ પરભાવનો પરિચય બળવાનપણે ઉદયમાં હોય ત્યાં નિજપદબુદ્ધિમાં સ્થિર રહેવું વિકટ છે, એમ ગણી નિત્ય નિવૃત્તબુદ્ધિની વિશેષ ભાવના કરવી, એમ મોટા પુરુષોએ કહ્યું છે.

અલ્પ કાળમાં અવ્યાબાધ સ્થિતિ થવાને અર્થે તો અત્યંત પુરુષાર્થ કરી જીવે પરપરિચયથી નિવર્તવું જ ઘટે છે, હળવે હળવે નિવૃત્ત થવાનાં કારણો ઉપર ભાર દેવા કરતાં જે પ્રકારે ત્વરાએ નિવૃત્તિ થાય તે વિચાર કર્ત્તવ્ય છે; અને તેમ કરતાં અશાતાદિ આપત્તિયોગ વેદવા પડતા હોય તો તેને વેદીને પણ પરપરિચયથી શીઘ્રપણે દૂર થવાનો પ્રકાર કરવો યોગ્ય છે. એ વાત વિસ્મરણ થવા દેવા યોગ્ય નથી.

જ્ઞાનનું બળવાન તારતમ્યપણું થયે તો જીવને પરપરિચયમાં કદાપિ સ્વાત્મબુદ્ધિ થવી સંભવતી નથી, અને તેની નિવૃત્તિ થયે પણ જ્ઞાનબળે તે એકાંતપણે વિહાર કરવા યોગ્ય છે; પણ તેથી જેની ઓછી દશા છે એવા જીવને તો અવશ્ય પરપરિચયને છેદીને સત્સંગ કર્ત્તવ્ય છે, કે જે સત્સંગથી સહેજે અવ્યાબાધ સ્થિતિનો અનુભવ થાય છે. જ્ઞાનીપુરુષ કે જેને એકાંતે વિચરતાં પણ પ્રતિબંધ સંભવતો નથી, તે પણ સત્સંગની નિરંતર ઇચ્છા રાખે છે, કેમ કે જીવને જો અવ્યાબાધ સમાધિની ઇચ્છા હોય તો સત્સંગ જેવો કોઈ સરળ ઉપાય નથી.

આમ હોવાથી દિન દિન પ્રત્યે, પ્રસંગે પ્રસંગે, ઘણી વાર ક્ષણે ક્ષણે સત્સંગ આરાધવાની જ ઇચ્છા વર્ધમાન થયા કરે છે. એ જ વિનંતિ.

આ૦ સ્વ૦ પ્રણામ.

## પૂજ્ય શ્રી સોગાનીજીની ૧૦૧મી જન્મજયંતી પ્રસંગે કોટીકોટી વંદન
## ધન્ય ગુરુ ! ધન્ય શિષ્ય !!
## પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની વિષે
## અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ભાઈશ્રીના પ્રમોદપૂર્ણ હૃદયોદ્ગાર !

ગુરુદેવે કહ્યું હતું કે, આ સોગાનીજી અમારા કરતા વહેલા જાશે. એવું શ્રુતજ્ઞાનમાં આવ્યું હતું. (અત્યારે) કાંઈ કેવળજ્ઞાન નથી. છતાં શ્રુતજ્ઞાનમાં આવ્યું કે એકાદ ભવમાં દેવલોકમાંથી નીકળીને મનુષ્ય થઈને ઝપટ કરવાના છે. આ એમના શબ્દો છે – ઝપટ કરવાના છે. એ લક્ષણ અત્યારથી દેખાય ગયા. ગજબ તેજ છે, તેજી જોરદાર છે, એકદમ દ્રવ્યદૃષ્ટિનો વિષય ઝડપ્યો છે. આવતાવેંત સમ્યક્ લીધું છે. તેજી માપી લીધી કે આવતાવેંત લીધું છે. વર્ષો જાય અને વર્ષો સુધી અભ્યાસ કરે તે વાત આમને માટે નથી રહી.

(પરમાગમસાર-૭૭૧, S.R. ૪૪૭, ૪૫.૦૦ મિનિટે, તા.૧૯-૧૨-૧૯૮૪)



એમની જે સત્સંગની ભાવના, ઉપકારી સત્પુરુષ પ્રત્યેની ભક્તિ, એમની જે ગૃહસ્થાદિ દશામાં ઉદાસીનતા અને એમની જે દૃષ્ટિની, દૃષ્ટિમાં તત્ત્વની પકડ - આ ચાર પડખાં એમના વચનોમાંથી બહુ સરસ નીકળે છે ! ચારે ચાર પડખાં એવા સરસ નીકળે છે કે ઇ આત્મા કેવા હતા એ તરત ખબર પડે એવી વાત છે. ચાર પડખેથી જો એને વિચારવામાં આવે તો એમના શબ્દદેહ ઉપરથી એમના આત્માનો સીધો આંક આવી જાય એવું છે. એવો સરસ વિષય છે.

*(–પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ)*